




મશરેક.

ગુજરાત વિધાપીઠ ગ્રંથાલય
ગુજ... ...સંગ્રહ
૩૩૦૩

આ પુસ્તક મુંબઇ, કોટ, ઘોઘા સ્ટ્રીટમાં આવેલા ચૅરાગ પ્રીન્ટીંગ પ્રેસમાં સોહરાબ ન. ફ. બીલીમોરીઆએ મી૦ એરચ જમશેદને માટે છાપ્યું છે.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कापीराइट विभाग]
अनुक्रमांक ३३०३ वर्गांक
पुस्तकनुं नाम नौरोजी मोज
विषय

"નવરોઝ" ના ગ્રાહકોને ભલી

દુવાઓ સાથે

ભેટ.

મારા બે બોલ.

જામે જમશેદ, સમી--સાંજ, ગપ-સપ, ફીરદોશ, વગેરે પત્રોમાં મારી અનેક ટુંકી વાર્તાઓ છપાઇ ગઇ છે તેમાંની ચુંટી કહાડેલી કેટલીક વાર્તાઓથી આ પુસ્તક બનેલું છે.

વાર્તાઓ લખવાનો, અને નાટકો રચવાનો શોખ સેવકને નાનપણથી હતો અને પાક ખુદાની મેહેરથી "જામે જમશેદ" જેવા જાણીતા પત્રમાં સેવકનો પાયો નખાત.જ તે શોખ ઘણી સારી હદપર ગયો, અને મી० "પીજામ" રફીકની ફરમાસથી એમના "સમી-સાંજ" માં લાગત છેલ્લા ચાર મહીનાઓ સુધી દર બુધવાર તો મશરેક પોતાની વાર્તાને માટેજ જાણે રીઝર્વડ કરી ચુકયો હતો. મેં વાર્તાઓ લખી છે તે લોકોને ગમી છે એટલે મારા જીવને ખુશાલી છે, અને પાક પરવરના હુકમથી નાટક લખવાના શોખનેબી હું પુગી વળ્યો છું. મારો પહેલો નાટક "આલેમ ખબીસ" પાસ થયો છે અને ઇનશાલ્લા પરવરદેગારની મધુર મદદ છે તો બાવાજી સાહેબ મી० ખુરશેદજી બાલીવાલાએ લીધેલો મારો બીજો નાટકબી તેટલોજ ફતેહમંદી મેલવશે.—કોશીશ પછીની મદદ એ કામની ફતેહ છે.

લી० દુવાગીર,

"મશરેક."

(સોહરાબ શાહરયાર.)

અંધેરી,

તા० ૧૭ મી માર્ચ ૧૯૧૧.

નૌરોઝી-મોજ.

લખનાર—"મશરેક."

જુદે જુદે ઠેકાણે મી૦ "મશરેક" ની
કલમથી લખાયલી ટુંકી વાર્તાઓનો
સંગ્રહ.

વફાનું એક પુતળું.

દહેશત ઉપજાવનારો અને દીલમાં ભયાનક ધાસ્તી પેદા કરાવનારો તે એક "દેખાવ" હતો. નવાબ કુતબુદીનના જમણા હાથમાં એક તેજી ખંજર પકડેલી હતી, જ્યારે તેના ડાભા હાથમાં તેની બેગમ મુમતાઝના બન્ને હાથો ધરેલા હતા.

"ઔરત!—ઔરત!! ઔરત!!! એ જાતને હું આજના દીવસ અને આજની ઘડી સુધી વફાદારીના નમુના તરીકે પીછાણતો હતો, મગર હાલમાં હું માનવાને શકતીવાન થયો છું કે ઔરતમાં વફાઇ નથી, ઔરત જાત બેવફા છે, વફાઇના ગુણોથી તેઓ બીલકુલ દુર છે, અને વફાની મેહેરથી તેઓ તદનજ સફા છે. ઓ ઔરત! ઔરત!! ઔરત!!!" અને એટલું બોલી રહીને નવાબે એક ઝનુની ચીતા મીસાલના ગુસ્સાથી ભરેલા ડોળા કરીને દાંત કચકચાવ્યા.

"કુતુબ, વ્હાલા કુતુબ, ઝનુની ના બનો, ગુસ્સાબાઝ ના થાઓ. ઓ હંમેશના રહેમદીલ પ્યારા કુતુબ, આજે તમે સંગદીલ ના બનો." બેગમ મુમતાઝે પોતાના ધણીની નજરમાં પોતાની નજર ફેંકતાં અતીશય કાલાવાલાથી મીનતઝારી કરી માગી લીધું.

"ચુપ, ઓ બેવફા ઔરત, તારી મીઠી મીઠી વાતોથી હું હંમેશ ભોલવાતો હતો, મગર આજે મને જોવાને આંખ થઇ છે કે ઔરતોની

બોલી' કડવી કવીનીનનાં પડ ઉપર આવતી સુફેદીવાલી મીઠાસ મીસાલની છે, જેને થોડોક વખત ચુસવા પછી તે ઝહેર જેવાં કવીનીનનું પડ ખુલ્લું કરે છે, અને આદમીઓનું મ્હોં તમામ કડવું બનાવી દે છે."

"નહીં! નહીં!! વહાલા કુતુબ, તમો ભુલો છો. એક સાફ અને વફાદાર ઔરત કવીનાઇનની કડવી ગોલીપર મીઠાસનું પડ એટલા માટે ફેલાવે છે, કે તમારાં મોઢાને ગોલી ગલતી વખતે કડવાસ આપે નહીં, અને ગલી રહેવા બાદ કવીનાઇનની દર્દ દુર કરનારી અસર પેદા કરે છે. ઓ કુતુબ, તમે કીયે દહાડે એટલા બેરેહેમ હતા? ઓ બોલો, બોલો, વ્હાલા જાન, બોલો, કે તમે મારી સાથે કીયે દહાડે એમ ગુસ્સાબાજ બન્યા હતા?"

"આટલો બધો વખત સુધી હું આંધલો હતો, મગર આજે મારી ચશ્મો ખુલ્લી થયલી છે, અને હું જોઇ શકું છું કે ઔરત જાત સફેદ આસ્તીન ઉપરના એક કાળા ડાઘા મીસાલ છે, બલકે ઝહેર અને દુશ્મનાઇથી ભરેલી ઝહેરી સાંપ છે." નવાબે લાલચોલ થઇ જતાં પોકાર્યું.

"ઓ—તમે એમ ના બોલો, કોઇ કોઇ ખરાબ ઔરતોને લીધે ઔરતોની આખી જાતને બદનામ ના કરો, કુતુબ! યાદ રાખો, વ્હાલા, કે આપણા હાથ સાથે લટકતી પાંચે આંગલીઓ જે એકમેકની સાથે વસે છે તેમી—ઓ તેમી—એક સરખી નથીજ. જેમ પાંચ આંગલીઓ સરખી નથી, તેમ બધી ઔરતોબી બુરાઇમાં એક સરખી નથી. બુન્યાદદાર ઔરત ગમે તેવાં સંકટમાંબી વફાની એક આરસી અને વફાના એક પાક, સાફ, ચલકતા આયના મીસાલ ચમકે છે."

"બઅઅઅસ! ચુપ રહે એકદમ, નહીં તો આ ખંજર જે પાંચ મીનીટ પછી તારૂં સીનું ચાક કરનાર છે તે હમણા—અત્તર ઘડી અને આજ પલેએ તારી છાતીમાં જગા લેશે."

"મારો—મારી નાખો—આજ પલે મારી નાખો—હું તો વફાઇમાં બીલકુલ ભરપુર છેઉં, અને તમને જે બુરો જુઠ્ઠો શક ગયો છે તે જો તમને સાચ્ચોજ લાગતો હોય અને મારૂં બોલવું તમારી આગલ "પત્થરપર પાણી" મીસાલ હોય તો મારો. મારા વહાલા ખાવીંદ, હું તમારીજ છેઉં, મને મારી નાખો, અને મરનાં મરતાંબી હું સુખી અને ખુશી થઇને એટલુંજ બોલીશ કે મેં મારા વહાલા ધણીનો શોખ પુરો કરવાનેજ લીધે મારો જાન ખોહયો છે. જયારે તમને એવોજ શોખ થાય

છે કે મને તમે મારી નાખો તો પછી તમારી તલવાર ખેંચી કાઢો, અને લેઓ, આ મારી ગરદન તમારી જનાબમાં હાજર છે." એટલું બોલીને મુમતાઝ બેગમે પોતાની ગરદન નીચે નમાવી.

એક પલ ત્યાં ધમઘોર ચુપકીદી ફેલાઇ.

નવાબ કુતબુદીનનાં ભેજાંમાંથી એક વીજળીના પ્રવાહના ચમકારા મીસાલે અનેક વીચારો ઉપરાસાપરી પસાર થઇ ગયા. શું તેણે પોતાની ઔરત મુમતાઝ માટે જે બુરાં વચનો સાંભલ્યાં હતાં તે ખરાં હતાં કે તેની ઔરત મુમતાઝ પોતે ખરી હતી? શું ખ્યાલ બાંધવો, શું વીચાર મનમાં વસાવવો, શું સેવટ ઉપર આવવું, તે તેને સુઝયું નહીં.

થોડા બીજા વીચારો, અને પછી તે પાછો ઝનુની બની ગયો.

"નહીં, તુને એકદમ મારી નાખવી સઝાવાર નથી. એકદમ તું મરી જશે તો દુખમાંથી બીલકુલજ છુટી થશે, અને તેથી તારા જેવા ઔરતોને તો એક બીલાડી જેમ ઉંદરને ભચરી—કચરી—અફાલી—ઝીંકીને રીબાવી સતાવી સતાવીને પછી મારે તે મીસાલ રીબાવી રીબાવીને ખલાસ કરવી જોઇએ."

તેણે પોતાના હાથમાંનું ખંજર નાખી દીધું. ગુસ્સાથી એકદમ દીવાનો બની જઇ એક આંચકો મારીને મુમતાઝને બીછાનાપર ચતી પાત નાખી દીધી, અને પાસે પડેલો એક લોખંડનો સલીઓ ઉંચકી તે સલીઆને પોતાના તમામ જુસ્સાથી મુમતાઝની ડાબી આંખમાં ચલાવી દીધો.

દીલ કાપી નાખનારી એક ચીચીયારી મુમતાઝે પાડી; તેણીની આંખમાંથી કાલા રંગનું થોડુંક પાણી નીકલી પડયું, અને તે કમનસીબ ઔરત બેફામ થઇને બીછાના ઉપરથી નીચે ગબડી પડી.

ઓ તે શયતાનીયતભરેલું નીર્દય કામ! દોજખનો દેવ્'ભી એક ઘડીભાર કમકમે તેવું તે દયાહીણ કર્મ હતું.

તે બુરૂં અને પાપથી દીરમે દીરમ ભરપુર નાપાક કામ કરીને નવાબ ત્યાંથી એકદમ ચાલી ગયો અને તે ગયો કે તેજ પલે એક આકાર તે ઓરડામાં કુદી પડયો.

તે ગુઠણયે પડયો બેઠો અને તેણે પોતાના બેઉ હાથોમાં બેગમના બદનને ઉચકી લઇ બીછાનામાં મુકયું, અને ગુસ્સાથી દાંત કચકચાવવાં લાગ્યો.

લગભગ પાંચ મીનીટ સુધી તો તેનાથી કશું બોલાયું નહીં, અને તે બેફામીમાં પડેલી બેગમ તરફ ટગર ટગર જોવા લાગ્યો.

પછીજ તે બોલી શકયો, અને તે જે બોલ્યો તે સઘળું ગુસ્સાનુંજ હતું.

"કુતુબ! તારૂં મોહોત હવે નઝદીક છે. મારી માઝાદ બ્હેર ઉપર જે સઘળો પ્યાર તેં કીધો હતો તે સરીયામ સહરાગાતી, ઢોંગી, આપમતલબી અને લુચ્ચી રીતનો હતો, એમ હું આજે જોઇ શકું છું. બદકાર! તેં મને બે વરસની વાત ઉપર દેશનીકાલ કીધો, પણ તેને માટે હું તકસીરવાર હતો તેથીજ મેં બદલો નહીં લીધો, પણ આજે તો તેં એક એવું કામ કીધું છે કે જેનો સખ્તમાં સખ્ત બદલો લેવો સજાવાર છે. ઓ કુતુબ! તેં મારી નીરદોશ બહેનની એક આંખ ફોડી નાખી છે પણ હું તારાં પેટમાનાં એકે એક આંતરડાં બહાર કાઢીને ટુકડે ટુકડા કરૂં તોજ—".

તે બોલી રહે તેટલાં બેગમ બેફામીમાંથી જાગૃત થઇ, અને જે છેલ્લા શબ્દો તેણીએ સાંભળ્યા તેનો એક આખો વાકય બનીને તેણીના ભાઇનાં મોંહડાંમાંથી બહાર પડે તે આગમજ તેણીએ તેને અટકાવી બુમ પાડી, "ચુપ રહે, જમીલ, શરીફાત કાંઇ દુશ્મનાત નથી. મારા ધણીનું તેં અને મેં બંનેએ નમક ખાધેલું છે અને તે નમકને બેવફા થવું એ બેશરમીનો પરદો આંખ સામે ખેંચી લેનાર નફટ માણસોનું કામ છે. તું અને હું,–બેઉ જનાં એક અસીલ અને બુન્યાદ માબાપનાં નેકઝાદ બચ્ચાંઓએ કોઇ કાલેબી નમકહરામ અને બેવફા બનવું સઝાવાર નથી. અલબત, મારા વ્હાલા કુતુબને તું મને છુપો મલતો રહેવાથી કોઇ પારકો મર્દ મને બદદયાનતે મલવા આવે છે એવો શક ગયો હતો, અને તેને માટે મેં મારા ધણીને ઘણો સમજાવ્યો, પણ અફસોસ, તેના કાનમાં ઝહેર ઉતરી ચુકેલું હોવાથી અને તારા આ આગમજના આવ્યા ને સબબે બીજો કોઇ મર્દ હોવાનું તે ખાત્રીથી માની ચુકેલો હોવાથી તે અદેખાઇના અંગારથી બલી ગયો હતો, અને તેથી તેણે આ કામ કીધું છે. પણ જમીલ, યાદ રાખવું સઝાવાર છે કે તે મારો પ્યારો ખાવીંદ છે, અને એ ખાવીંદને માટે મારી એક આંખ તો શું પણ મારો આખો જાનબી કુરબાન કરવા હું જાનોદીલથી તૈયાર છેઉં," બેગમ મુમતાઝે પોતાનાં અસહય દુખ છતાંબી હીમતથી કહ્યું.

"એવી ડાહી ડાહી વાતોનાં માણસોને હું ઘેલાં અને ચક્રમ માણસો તરીકે પીછાણું છું, સમજી? હવે હું બો ખરો કે મારા બનેવી તરીકે ઓળખાતાં ઝનુની ચીત્તાને એવી આતશની ગ્રેહમાં નાખું કે જે આતશ તેને બાલી બાલીને ખાખ કરે અને તે ખાખની રજકણો હવામાં ગુમ થઈ જાય."

"ખામોશ, જમીલ! તું હવે ઘણો બેઅદબ થતો જાય છે. મારી સામમે. મારા વ્હાલા ખાવીંદ માટે એવા બુરા સુખનો હું કોઇ કાલેબી કોઇનાં મોંઢામાંથી નીકલવા દેનાર નથી. જો સીન સલુકે વાત કરવી હોય તો કર, નહીં તો તું તારે રસ્તે પડ અને હું મારે રસ્તે. મારા ખાવીંદને માટે બુરૂં ચાહનાર ભાઇની હું એક તુંબા ભારની દરકાર કરનાર નથી, અને આજ પછીયો તારૂં નામ વટીક લેવાને હું તેયાર નથી."

"એ જુઠી બકવા અને એ જુઠી શીખામણોની મને રતીભાર પરવા નથી. હું મારી બહેન તરીકે તુંને નહીં ગણીને તારા માટે મારૂં વેર નહીં લઇશ તો મારા મરણ પામેલા પીતાની એક યતીમ લડકી તું છે એવા ખ્યાલથીજ હું તે મુજી નવાબ કુતબદીન ઉપર વેર લેઇશ, લેઇશ, અને ફરં લેઇશ——"

"કોઓન? જમીલ કે?" એકદમ અંદર આવતી મુમતાઝ અને જમીલની માદર કુલસુમે બુમ પાડી; "બેટા, નાહાસ, નહીં તો કુતુબ જાણશે તો તારો જાન લેશે. કેમ બેટી મુમતાઝ, એ તારી આંખને શું છે? ઓ! તારી આંખ તો ફુટી ગેયલી છે!" કુલસુમે મુમતાઝની આંખમાં જોતાં બુમ પાડી, "મને હમણાંજ નવાબ કુતુબે તારી આગલ તબીયત બીગડી છે એમ કહીને મોકલી. બેટી, શું મામલો બનવા પામ્યો છે?"

તે આખો મામલો કેવી રીતે બન્યો હતો તેનો અહેવાલ જે જમીલે બાગમાંની બારીએથી તેણે જોયો હતો તે વીસ્તારીને પોતાની મા આગલ કહયો, અને તે સાંભલીને બીબી કુલસુમનો પીત્તો ઉછલી આવ્યો, અને તેણી ગુસ્સાથી નવાબ કુતુબને પકડવા દોડી.

તેણી ઓરડામાંથી બહાર પડી કે જમીલ હથીયારોના ઓરડામાં ગયો, અને ત્યાંથી તે એક જંજીર લઇ આવ્યો.

"હવે જવાંમર્દી દેખાડવાનું કામ મારું છે. નવાબ ગમે તેવો જોરદાર છે પણ તેને આ સાંકલમાં સીકડી લઇને પછી ઝએહ કરવાનું કામ અતીશય સહેલું છે."

મુમતાઝ આ જોઇને ફુગંલાઇ ગઇ. તેણીને હવે કાંઇ સુઝયું નહીં. નવાબ જો ઓરડામાં પગ મુકે તો તેણીનો ભાઇ જમીલ તેને સાંકલની બેડીઓમાં સીકડી જરૂર તેનો જાન લે એવું હતું. તેણીએ ધીરજ ધરી, વીચારો કીધા અને પટામણી હએ જમીલની નઝદીક ગઇ.

"જમીલ! તારૂં કહેવું તદન દરોસ્ત છે, ભાઇ. નવાબ કુતુબને હવે ખચ્ચીતજ મારવો જોઇએ. તેને આ સાંકલમાં ફસાવવા માટે હું તુને મારી મદદ ખુશીથી આપીશ."

અને એટલું બોલીને તેણીએ મકરથી જમીલને બનાવીને હાથમાં લીધો. જમીલનું ધ્યાન બીજી ચીજ ઉપર દોડાવીને તેણીએ એક મર્દને છાજતી હીમતથી ચપલાઇ વાપરી અને કુતુબ માટે લાવેલી ઝંજીરમાં તેણીએ જમીલને પોતાનેજ જકડી લીધો.

"શયતાનની ખાલા! તારી ખોટ્ટી ખોટ્ટી લબ્ભાસોનો આય નતીજો?" જમીલે ચીરડાઇને કહ્યું.

"હા, મારા પ્યારા ખાવીંદને બચાવવાને માટે તું તો શું પણ તારા જેવા દશ ભાઇઓને હું એવા મકરથી ફાંદામાં ફસાનું. હવે તુને આ પાસેનાં તહેખાનામાં લઇ જઇશ, અને જયારે તું મારા પ્યારા કુતુબનો જાન લેવાનો બુરો ખ્યાલ છોડશે ત્યારેજ તુને તે તહેખાનામાંથી બહાર કાઢશ, નહીં તો ગમે તેટલા દીવસો, ગમે તેટલાં મહીના, અને ગમે તેટલાં વરસોબી પસાર થઇ જશે તો તુને તે છુપાં ભોંયરાંમાં એક કેદી તરીકે બંધ રાખવામાં આવશે."

હજુર તો તેણી પોતાનો વાકય તમામ કરી રહે તેટલાં કુલસુમ અને કુતુબ બેઉ જના ઓરડામાં ધસી આવ્યાં. કુલસુમ ગભરાયલી અને કુતુબ ગુસ્સાથી દીવાનો બનેલો.

કાંઇબી નવું બને તે અગાઉ ત્યાંનો મામલો જોઇને નવાબ કુતુબે સવાલ રજુ કીધો.

સઘલો ખુલાસો કરવાની ફરજ પડી અને તે સાંભલીને નવાબને પોતાની ઔરતની વફાદારી માટે ઉમદામાં ઉમદા વીચાર બર્પા થયો, અને પોતાનાં પાપી અને ઝનુની કામ માટે ઘણો પસ્તાવો તેને થયો.

નવાબે જમીલને માફ કીધો છે, કુલસુમની દયા ચાહી છે, અને પોતાની બેગમના પગની ખાક ચુમતાં તેણે તેણી પાસે માફ માગી લીધી છે.

બેગમ મુમતાઝ માટે હકીમોપર હકીમોને બોલાવવામાં આવ્યા મગર એક વખત ફુટી ગયલી તે આંખ પાછી સમી થઇ શકી નથી.

સૌ સારૂં જેનું સેવટ સારૂં. વહેગી નવાબ પોતાનાં વફાઇનાં પુતલાં મુમતાઝ આગલ બેસીને તેણીની બનાવતી કાચની ડાબી આંખ જોતાં કોઈ કોઇ વાર આંખમાં પાણી લાવે છે, અને બોલે છે કે "કોઇ ગલીચ ઔરતોજ ગલીચ રહે છે. બાકી વફાદાર અને પાક ઔરતો આ દુન્યામાં નહીં મલે તેમ નથીજ અને તેથી બુરાઇ ધરાવનારી કેટલીક ઔરતોને લીધે ઔરતોની આખી જાતને બેવફા ધારવી નહીંજ."

દગાબાઝ દોસ્ત.

હું મારા ઓરડામાં બેઠો હતો તેટલાં ટપાલવાળાએ એક કાગળ લાવીને મારા હાથમાં મુકયો.

મેં તુરતજ તે ઉખેડયો અને તેને મથાળે લખેલી લાઇન ધડકતી છાતીએ વાંચી લીધી. તે લાઇન નીચે મુજબ હતી.

"સેનતીના તરફથી."

કાગળ વાંચયો ને વાંચયો કે હું ગરમ થઇ ગયો. મારે આખે આંગે જાણે જવાળા મુખીના લાવાનો રસ ઢોળાઈ ગયો હોય તેમ હું ગુસાબાજ અને અંગાર મીસાલ તપેલો, બલકે બળી જળી જતો જણાયો.

મેં તે છોકરીને ચાહી હતી અને મેં ધારયું કે તેણીબી મને ચાહતી હતી, મગર જે ચુમીઓ મેં તેને કીધી હતી અને જે ચુમીઓ તેણે મને લીધી હતી તે બધી જાણે આજે ધુળમાં મળી ગઇ હતી!

તે કાગળના ઓચીંતા ધડાકાના ધસકાથી હું તો બધો ફીક્કો થઇ ગયો હતો અને વીચારવંત ચહેરાએ બારીમાંથી ડોકું બાહાર કાઢી રસતાને બેધયાનપણે જોતો હું ઉભેલો હતો તેટલાં મારા ખભાંપર કોઇએ

હાથ મારયો–તે હાથ મારનાર શખ્સ કોઇજ નહી પણ મારો જીવેજાન મીત્ર પીએત્રો બારોલીની હતો.

પીએત્રો અને હું બંને નાનપણથી બહુ મોટા મીત્ર હતા, જેમ માછલીને પાણી વગર ચાલે નહી તેમ મને પીએત્રો વગર અને તેની સલાહ વીના ચાલે નહી તેવું હતું. પીએત્રો, તે મારો જાવેજાન પ્રાણપીય દોસત એક વાજીંત્ર વગાડનાર ઉસતાદ હતો, જ્યારે હું ગેસપેરો ક્રેરેઝીની એક પુતળાં બનાવનાર કારીગર હતો.

તેણે મારી દલગીરીનું કારણ પુછ્યું જેના જવાબ આપવાને બદલે મેં તેના હાથમાં પેલું જીગર ચીરી નાખનારૂં કાગળ મુકયું અને શું કરવું તેની સલાહ માગી.

"વારૂ તે કંઇ દુનીયાથી તો ચાલી જનાર નથી" મારો દોસત દલગીરી બતાવતાં બોલ્યો "માટે ફીકર ના કર, તેને તારી દરકાર નહી હોસે."

"પણ મને તે એટલુંજ કહે કે 'હું તુંને ચાહતી નથી' તો હું તેનો પીછો મુકું" મેં કહયું અને તુરતજ ટોપી ઉંચકીને મેં વધારયું "હું તો તેણીને તેનું કારણ પુછવા આ ચાલ્યો."

પવનની પીઠપર દોડયો–બલકે આંધળો થઇને કુદકા મારી ઉડયો અને જોવા જાયા વગર ઘેલા દીવાનાની અદાથી રૂર મારતો ચાલ્યો.

આખરે હું તેણીના ઘર આગળ જઇ પહોંચયો. ઓરડામાં દાખલ થયો અને મારી અજાયબી વચ્ચે મેં જોયું કે બધો જોઇતો જરૂરી સામાન પેક કરવામાં આવેલો હતો.

મારી સેનતીના, મારી મનની મુરતી સેનતીના એક પેટીપર વાંકી વળીને કામ કરતી હતી તેના ખભાંને પકડી લઇ મેં નરમ આંચકો મારયો.

"સેનતીના!" મેં હાંક મારયો.

તેણી એકદમ ચોંકી પડી અને વાંકી વાંકી ઉભી હતી તે એકદમ ટટાર થઇ રહી અને અરધી બીધેલી જેવી પોકારી ઉઠી.

"ગેસપેરો! તું અહીયાં?"

"હા," મેં જવાબ આપ્યો, અને તેજ વખતે તેણીના હીરા-જડીત બ્રેસલેટવાળા પહોંચાપર ચુમી લેતાં મેં ઝડપથી પુછ્યું "હા, કાંય નહી હું તારી પાસે આઉં? મારો જીવ તો બધો તારામાંજ ભરાયલો છે."

તેણીએ એકદમ પોતાનો હાથ ઝુંટાવી લીધો અને બોલી "મારી સાથે તમુને શું કામ છે.?"

"હું ચાહુંછ" મેં જવાબ દીધો "સેનતીના, હું જીગરો જાનથી તુંને ચહાઉંછ. હું તારીપર પયારમાં પડેલો છું."

"પયાર?" તેણીએ અજાયબી સાથે સવાલ કીધો "પયાર શું ચીજ છે? મુરખા લોકો પયાર ફયારની વાતો કરે છે. મારી ડીક્ષનરીમાં તો 'પયાર' જેવો કોઇ શબ્દજ નથી."

"પણ તું વહાલી મને અહીં એકલો અટુલો છોડીને એકદમ ને એકાએક બહારગામ ઉપડી જાયછ, એ શું વાજબી છે?"

"હા" તેણી ઠંડે કલેજે બોલી "ને ઘણા વરસો સુધી હું અહીં પાછી ફરનાર નથી.''

પણ હું તો ઘેલા જેવો તે ચાંદ સરખી ચળકતી ચામડીની ઓરતની કમર તરફ હાથ લંબાવી તેની કમર મારા હાથોમાં લઇ તેના ગુલાબી ગાલોપર કીસ લીધી.

જે મામલો જોઇ તેણીએ મને આંચકો મારીને દુર કીધો અને બોલી "ગેસપેરો! તું મારી આબરૂની કંઇ દરકારબી કરે છે કે નહી? કોઇ આવી લાગે તો તુંને ને મને એકલાં પાસે પાસે ઉભેલાં જોઇ શું ધારે?—ને પેલો—પેલો મારો આગલો માટી જે મરી ગયલો ધારવામાં આવતો હતો તે પાછો જીવતો થઇને અહી આ દેશમાં આવેલો છે તે શું ધારશે?—તે તો—તે તો—તે તો મને ને તુંને એમ જોઇને મારીજ નાખશે."

અને તેટલું બોલી રહી તેણી ફીકી થઇ ગઇ. હા, મારી સેનટીના, તેણી એક વીધવા હતી અને તેણીનો ધણી લડાઇ ઉપર મારયા જવાની ખબરથી સરવે જણ વાકેફગાર હતું. મગર આજની તેની હાલત અને તેણીની રીતભાત બતાવી આપતી હતી કે તેણી જે બોલી ગઇ તેમાં સરાસર વજુદ ભરેલું હતું.

હજુ તો હું કંઇબી અજાયબી તેના મરણ પામવા પછી જીવતા થયલા ધણી માટે બતાવવા જાઉં તેટલાંજ બારણું ઠોકાયું, જે સાંભળી એકદમ તેણી મારી તરફ આવી બોલી.

"ગેસપેરો, તારી ને મારી જીંદગીની સલામતી ચહાતો હોય તો હમણાંજ, આ ઘડીએજ સામેના પેલા અંધારા ખુણામાં ભરાઇ જા અને અમે બેઉ જણા ચાલી જઇયે કે તે પછીજ બાહાર નીકળજે–એ મારો ધણી થતોજ આવેલો છે અને મને ત્રેનમાં લઇ જવાની એ બધી દોડધામ કરી રહેલો છે."

મેં તેમ કીધું. બારણું સેનટીનાએ ખોલ્યું, તેનો બુઢો ધણી જેને મેં આજેજ પહેલીવાર જોયો તે અંદર આવયો, બેઉ જણાએ બાંધેલો માલ નોકરોને માથે ચઢાવયો અને દાદર ઉતરી જઇને એક ભાડેની ગાડીમાં બેઠાં જે પછી ગાડી ઘરઘર ઘરઘર કરતી ચાલી ગઇ.

હું તે પછી ઉઠયો અને તે વખતે મારા મુખમાંથી જે વાકય નીકળયો તે એજ હતો કે "પરીયાં જેવી ખુબસુરત આએ છોકરી લખોની દોલતપર ફીદા થઇનેજ પોતાના બાપ જેવા એક બુઢા શખસ સાથે પરણી હતી! હાય."

હું તે પછી એક નીસાસો નાખીને તયાંથી ચાલી ગયો.

રસતાઓપર ચાંદની સુંદર ઠંડી રોશની છવઇ રહી હતી. કોઇ મને જોય નહી કરીને હું ઝાડીઓ વચેથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં મેં હજુ તો ઘણો થોડો રસતો કાપયો હશે તેટલાં મને કશાંની ઠોકર વાગીને હું પડાં જતો જતો સહેજમાં બચી ગયો. તે શું ચીજ હતી જેથી હું પડતો સહેજમાં બચયો હતો તેની તપાસ કરવા હું વાંકો વળયો તો મેં શોધી કાઢયું કે તે કોઇ માણુસ હતું.

મેં તેના ચહેરાપર હાથ ફેરવયો, અને મેં મારો હાથ ગભરાટમાં પાછો ખેંચી લીધો.—તે માણુસ તો મુએલો પડેલો હતો!!

સઉ ચુપચાપ હતું, એકબી પાદડું હાલતું નહી. મેં તે મુડદાંને મારા હાથોમાં લીધું અને ચાંદની રોશનીમાં તેનો ચહેરો કરીને મેં જોયું તો તે કોઇ જવાન શખસ હતો. તે શખસના બરડામાં ગોળી લાગેલી પ્રગટ દેખાઇ આવી–તે એક ખુન થયેલું હતું.

મેં આજુબાજુથી કોઇ ચીજ બાતમી માટે મને કદાચ મળે એવું ધારીને ભોંય ઉપર જોયું તો એક ચીજ મળી આવી જેનાથી ખુન કરવામાં આવેલું હતું. તે એક પાંચ બારની રીવોલવાર હતી અને તેમાંની એકજ ગોળીએ પોતાનું કાતીલ કામ તમામ કીધું હતું. મેં તે રીવોલવર તપાસી તો અજાયબીઓની અજાયબી!! તે રીવોલવરપર તો મારૂં પોતાનું આખું નામ કોતરેલું હતું!!!

એક પળમાં એક દહેશતનાક, બલકે મારૂં હાડેહાડ ધ્રુજાવી નાખનાર એક જખમી વીચારે મારા મગજમાં ઘેરો ઘાલ્યો. શું તે રીવોલવર મને પકડાવી આપવા માટે પુરતી નહી હતી? એક છોડીને હજારવાર તે પુરતી હતી એમ મેં ખચીતજ માન્યું અને તુરતજ જે પહેલું કામ મેં કીધુ તે મારૂં નામ ધરાવતી તે રીવોલવર મેં મારા ગજવામાં સેરવી દીધી અને પેલા મુરદાંને છેલી સલામ કરીને ત્યાંથી ઉતાવળે પગલે જેમ બને તેમ જલદી મારા ઘેરમાં ચાલી ગયો.

હું ઘરમાં પાછો ફરયો તમારે મારો મીત્ર તો ચાલી ગયેલો હતો.

થોડાક દીવસો પસાર થઇ ગયા જે અરસામાં મારી પર સેનટીના તરફનો એક પત્ર આવ્યો જે પત્ર સાથે એક હજાર ફ્રાંકની કીમતની એક નોટ બીડેલી હતી. જો કે તે નોટ સાથની ચીઠી સેનટીનાને હાથની નહી હતી મગર તેનાપર સહી કીધેલી સેનટીનાનીજ હતી.

વળી તે અરસા દરમયાનમાં નયુસ પેપરોએ જાહેર કીધું કે મીલાન તરફથી એકજ દીન આગમજના આવેલા કરનલ રોશેનોનું કોઇ શખસે ખુન કીધું હતું.

૨

ત્રણ વરસો પસાર થઇ ગયાં. લાંબા કંટાળા ભરેલા તે ત્રણ વરસો જે દરમયાન કશોબી જવાબ મારી ચાહેલી ચીતેલી સેનટીના તરફથી મળી શકયો નહી.

તે વખત્તમાં વળી મારાપર ગરીબાઇનો દસ્ત ઉતરયો હતો. ખરચીબી ખુટે તેવું થઇ પડવાને લીધે મેં બાજુએ મુકી દીધેલી સેનટીના તરફની પેલી એક હજાર ફ્રાંકની નોટ વાપરવા સારૂ કાઢી.

માથાપર ટોપી પહેરી લઇ હું એક શરાફની દુકાન 'તરફ ગયો. ત્યાં જઇને મે તેના હાથમાં પેલી નોટ મુકી દીધી અને તેનું વટાવ કાપી લઇ છુટા રૂપીઆ આપવાને કહ્યું.

"આએ નોટ" તેણે તે નોટ તપાસી કહ્યું "એ કંઇ તમારી નથી."

"તે મારીજ છે." મેં નેણ ફેરવીને તેના અણઘટતા બોલવા માટે ગુસ્સે થઇને કહ્યું.

"તમો મને કહેશો કે એ તમુને કયાંથી મળી?"

"તે પુછવાનું કામ તમારૂં નથી." મેં વધતા જતા ગુસ્સાથી લાલચોળ થઇને જવાબ દીધો.

"હું ખરૂંજ કહું છુ" તેણે વધાર્યું, "એ નોટ તમારી નથીજ."

"તમો મારો વખત ગુમાવો છો" મેં કહ્યું "મને તે નોટ પાછી આપો, હું બીજે કેથેથી એ વટાવી લઇશ."

"હું તમને એ નોટ પાછી આપી શકતો નથી." તેણે ઠંડે કલેજે ચલાવ્યું "એ નોટ ચોરાયલી છે અને તેબી વળી ખુન કરીને ચોરવામાં આવેલી છે. ત્રણ વરસની વાતપર જે કરનલ રોશેનોનું ખુન કરવામાં આવ્યું હતું તેના ગજવામાંથી ખુનીએ આ નોટ ચોરેલી હતી અને તે નોટનું નંબરબી સરકારે દરેક શરાફને પુરૂં પાડેલું છે કે જેથી ખુનીની ધરપકડ થઇ શકે. આ નોટ તમારી પાસેથી મળી આવેલી છે અને હવે હું પોલીસને ખબર કરવા માગું છું."

તે શરાફ પોલીસને બોલાવવાની વેતરણ કરે તે આગમજ મેં ઝડપ વાપરી લીધી અને તેના હાથમાંથી તે નોટ ઝુંટવી લઇ હું આંખ મીંચીને આંચકા-ઉંચકી ખાતો ધકા-મુકી મારતો નાઠો, નાઠો, નાઠો ને છેક નાઠો તે ઘરે પુગ્યો ત્યાંસુધી નાસવાજ કીધો.

હું મારા ઘેરમાં-મારા મુલકમાં તે પછી રહયોજ નહી અને બીજેજ દીવસે બહારગામ ઉપડી ગયો. મારૂં ઘરબાર છોડયાનેબી મને ચાર મહીના થવા આવ્યા હતા અને હું પરાયા મુલકમાં જેમ તેમ કરીને મારૂં ફોડી લેતો હતો તેટલાં એક દીને હું નવી આપ્તમાં સપડાયો.

એક સાંજે એક હોટલમાં હું બેઠેલો હતો જ્યારે એક હાથે મારા ખભાંપર બોજો નાખ્યો અને એક અવાજ બોલ્યો.

"ગેસપેરો કોરેઝીની, હું તમુને પકડું છું."

મેં પાછું ફરીને જોયું તો તે એક પોલીસ અમલદાર હતો.

"શા આરોપ માટે તમો મને પકડો છો?" મેં બુમ પાડી.

"જીનોવામાં કુરનલ રોશેનોનું ખુન કરવાના આરોપ માટે હું તમુને સરકારી હુકમની રૂએ પકડું છું." તે અમલદારે જવાબ આપ્યો.

મારૂં દીલ જખમી થઇ ગયું. હું તે આરોપથી ઘેલો બની રહયો.

૩.

જીનોવાની કોરટ તમામ ચીકાર ભરાઇ ગઇ હતી. બપોરનું કીલીયાણુ તડકું બહારના બાગમાં પડેલું હતું અને ન્યાયાધીશ પોતાનો ચુકાદો આપવાની તઇયારીમાં હતો. પોલીસે મારી સામે ખુનનો આરોપ પુરવાર કરવાની એક એવી સાંકળ જોડી દીધી હતી કે તે જોઇ સાંભળીને હું તો દાંતમાં આંગળાં પકડતો હતો.

મારો કાંઇભી બચાવ હતો નહી. જે રાતે ખુન થયું હતું તે રાતે હું મારા ગામ જીનોવામાંજ હતો અને મારા સામાનની ઝડતી લેતાં જે રીવોલવર મળી આવી હતી તે ખુનની વધારે પુરવારી બતાવી આપતું હતું.

સરકારી સોલીસીટરે પોતાનું ભાષણ પુરૂં કીધું હતું અને ન્યાયાધીશ જુરીના અહસ્થોને મુકદમાની કેફીયત કહેતો હતો, હું નીચી મુંડીએ અને ભોંયપર નજર ચીટકાવેલી રાખીનેજ ટગર ટગર ગમગીન દીલે જોયા કરતો હતો.

એકાએક અદાલતમાં મોટી ગરબડ સરબડ થતી સંભળાઇ, ન્યાયાધીશ જુરીના મત સાથ મળતા થઇ ચુકાદો આપે તે આગમજ અદાલતમાં ધસી આવવા માટે કોઇ આદમી લોકોની વચેથી ધકા મુકી મારીને ઝડપથી ચાલતું હતું.

તે આદમીએ ન્યાયાધીશના હાથમાં આપવા માટે એક મોટું બંધ પરબીડું કોરટના કારકુનને આપ્યું. તે કારકુને તે પરબીડું ન્યાયાધીશને આપી દીધું જે લઇ તેને ઉખેડા બે વખત ન્યાયાધીશે તે વાંચી લીધું અને પછી એક શાક્ષીને બોલાવીને કંઇ છુપી મસલત પોતાના ઓરડામાં ચલાવી લઇ કોરટનાં ઓરડાની અંદર આવતાંજ તેણે ચુકાદો આપીને કહ્યું કે "બંધવા ગેસપેરો કોરેઝીને તું છુટો છે. ખરા ખુનીએ ખુનનો એકરાર કીધો છે."

ખુનીએ ખુનનો એકરાર કીધો? શું તે ખુની સેનટીના હતી કે સેનટીનાનો મુવા પછી જીવતો થયલો પેલો ભરથાર હતો?

મને તુરતજ છુટો કરવામાં આવ્યો, પણ ખુની કોણ હતો તે વાત જાહેર કરવાને ન્યાયાધીશે કશી કોશેશ કરી નહી.

હું હવે મારા અસલ ઘર તરફ ગયો. તો ત્યાં જઇ લાગતાંજ મને મારો કેટલોક સામાન એમનો એમજ મુકેલો જણાયો.

ઘરમાં પુગતાને વાર ધુળ ચઢેલી એક ખુરશીને સાફ કરી લઇ તેમાં હું બેઠો અને મને છુટકારો મળ્યો હતો તે માટે પાક પરવરદેગારના શુકરાના કરવા લાગ્યો તેટલાંમાં દાદરપર કોઇના ચઢવાનો અવાજ સંભળાયો અને થોડાક વખતમાં એક સ્ત્રીનો આકાર મારી સામે આવી ઉભો.

મેં મોઢું ફેરવી લેવાનો વીચાર કીધો કારણ કે તે સેનટીના હતી, પણ મેં મોઢું ફેરવ્યું નહી કારણ કે તેના ગુલાબી રૂખસારાએ મને તેણી ગમે તેવી હતી છતાં પોતાની તરફ ખેંચી લીધો. તેણી સેનટીના હતી. સેનટીના કે જેણે પોતાના મુવેલામાંથી જીવતાં થએલા ધણી સાથે મળીને મારી રીવોલવરે પેલા કરનલનું ખુન કીધું હતું અને પેલા કરનલની પાકીટમાંથી નોટ કાઢી લઇ મારીપર તે મોકલી આપી મને ફસાવી દીધો હતો.

પણ—પણ, ખુનનો તો એકરાર થયો હતો ને તે છતાં સેનટીના કેમ હસતે ચેહેરે મારી સામે આવી ઉભી હતી? એ ભેદ ભરમ શું હતો? કંઇ માલમ પડે!

"સેનટીના, તું અહીં?" મેં એકદમ પુછ્યું.

"હા વાહાલા, હું મારા પ્યારાના દરશન કરવા આવેલી છેઉં" તેણીએ માયાથી મારી તરપ જોતાં કહ્યું.

"સેનટીના" મેં કહ્યું "તારો ધણી જીવતો છે અને તે છતાં તું મને પોતાનો વહાલો કહે તે ખોટું કહેવાય."

પણ સેનટીના હસી પડી.

"કાંય તું હસેછ કાંય?" મેં પુછ્યું.

"મેં તમને બનાવ્યા તેથી હું હસુંછ." તેણીએ કહ્યું.

"બનાવ્યા?" મેં અજાયબી સાથે પોકાર માર્યો "બનાવ્યા તે કેમ વળી?"

અને આ વખતે તેણીએ જે ખુલાસો કીધો તે જાણીને હું તો ફાટીજ ગયો. તેણીએ બધી બાતમી મેળવી હતી.

"મારા પ્યારા ગેસપેરો" તેણીએ ખુલાસો કીધો "મારો ધણી તો લડાઇમાં માર્યો ગયો તે ગયોજ, તે કંઇ જીવતો થયો નહી હતો, પણ તારો મીત્ર પીએત્રો તારી સાથે મીત્રાચારી રાખી તારે માટે પેટમાં છરી રાખતો હતો. તેનાં મોંઢાપર મુરવત હતું પણ પેટમાં કરવત હતી. તે મારી ઉપર પ્યારમાં પડયો હતો અને તેણે મારાપર કાગળ લખ્યું કે જો હું તારી સાથે પરણું તો તે તારૂં કાટલું કાઢી નાખશે. આથી હું બીધી અને મેં મારા બાપ સાથે જીનોવા છોડી બીજે કેથે જઇ વસવાનો વીચાર કીધો. તેં જે રાતે મને પેલા કોઇ બુઢા સાથે જીનોવા છોડી જતા જોઇ તે કંઇ મારો જીવતો થએલો ધણી નહી હતો પણ મારો બાપ હતો. મેં તારા મીત્ર સાથે તુને વેર નહી પડે તે માટે જીનોવા છોડી દઇ કેથે બીજે ઠેકાણે જવાનો વીચાર કીધો અને તે પછી તુને તે ગામમાં બોલાવી લઇ તારી સાથે લગન કરી જવાનો મેં ખ્યાલ બાંધ્યો, મગર જે સાંજે અમો ઉપડી જવાના હતા તે સાંજે પીએત્રો હું બાગમાં હતી ત્યાં છુપાછુપ મને ગુંગરાવા આવ્યો હતો પણ તે જે વખતે બાગમાં આવ્યો તે વખતે મારી સાથે મારો એક નજદીકનો સગો જે એક કરનલ હતો અને આગલી સાંજેજ તે મીલાનથી જીનોવામાં સરકારી કામસર આવ્યો હતો તે મારા છુટા પડવાથી દલગીર થઇ મને છેલ્લી સલાંમની એક કીસ મારા હાથપર તેણે લીધી કે તેજ વખતે મારીપર દીવાના બનેલા તારા મીત્ર પીએત્રોએ પછવાડે ગોળી છોડી તે કરનલને ઠાર માર્યો અને એકદમ મારી પાસે ધસી આવી મને ધમકી આપી તે રીવોલવર ત્યાં નાખી દઇ જતો રહ્યો. મેં તે રીવોલવર• ઉંચકી લીધી અને તેને પકડાવ્યાનો વીચાર કીધો પણ તેજ વખતે મારી નજર તે રીવોલવરપર કોતરેલા નામપર પડી જે જોઇ હું ચોંકી. તે કારસ્તાનનાં કુતરાએ આગમચથી કરેલી ગોઠવણ મુજબ પેલી રીવોલવરપર તારૂં નામ તુને ફસાવી દેવા કોતર્યું હતું અને તેની પાછળથી જણાવેલી મકસદ મુજબ તેણે જે ખોટી ખબર તારી મુઆફેક સાંભળી હતી કે મારો ધણી જીવતો થયો હતો તેને પેલી રીવોલવરે મારી નાખ-વાની હતી.

"હું તે રીવોલવર લઇને ઘરમાં ચાલી જવાની હતી મગર ઝાડમાં કાંઇ ખખડાટ થયો અને મેં પીએત્રોને ત્યાં પાછો જોવાથી હું એમની એમજ બીહીને અંદર નાશી ગઇ. તે પછી તું મને રાતે મળ્યો અને હું ને મારો બાપ જીનોવા છોડીને ચાલી ગયાં.

"તે પછી તે તારા દગાબાજ મીત્રે કરનલના ખુન માટે તું કોઇ બેહી રીતે પકડાયો નહી હતો એવું જોઇને તેણે ઝાડના થયલા ખખડાટ પછી પાછા આવીને કરનલના ડગલાના ગજવામાંથી જે નોટ કહાડી લીધી હતી તે નોટ તારીપર મારી ખોટી સહી કરીને બીડી હતી પણ આખરે તે કચામાં ફાવી શકયો નહી અને જયારે તુંને ખુનનાં વાંક માટે ખોટી સજા થનાર હતી તે વખતે કુદરતના ડંખથી આજેજ થઇને તેણે ઝેર ખાઇ આપઘાત કીધો અને પેલા ન્યાયાધીશપર બધી વીગત લખીને તુને છોડી મુકવાની અરજ કરી હતી."

આ વખતે મારી સામે ખુલ્લી રીતે બધી વીગત દીવાની રોશની માફક પ્રગટી નીકળી.

પીએત્રો! તે મારો જીવેજાન દોસ્ત મને દગાબાઝ નીવડયો હતો અને એક દગાબાઝ દોસ્તના કરતુકો ચલાવી આખરે કુદરતનાં ડંખથી બીહી જઇને આપઘાતને મોતે મરણ પામ્યો હતો.

* * *

થોડા દીવસ પસાર.

અને હું તે માલેતુજાર વીધવા સેનટીના સાથે પરણીને સુખી થયો.

સફેદ સાહયા તળેનો શયતાન.

મેહલ્લી આદરજી વકીલ, એક જાહેર જવાન વકતા અને સુદ્ધા સાચા અને પ્રમાણીક ગ્રહસ્થ તરીકે લેખાતો હતો અને તે "પારસીઓની ગરીબાઇ દુર કરી જુવાન વીધવા બાનુઓનું સંકટ નીવારણ કરનારી" એક જાણીતી સોસાયટીનો આગેવાન પ્રમાણીક શેઠીયા તરીકે ગણાતો હતો. તે અગત્યાર તુલીક કુમારો લેખાતો હતો અને ઘણીક જવાન બાનુઓ તેના હાથની ઉમેદવાર હતી.

આવતા રવીવારે તે નેક જુવાન ગ્રહસ્થ "સંસારના સડાઓથી થતી બદી અને સંસારના કાલાં મેંઢાંઓથી જુવાન બાનુઓએ કેવી સંભાલ લેવી જોઇયે." તે વિષ્ય ઉપર એક ભાષણ આપનાર છે અને તે દીવસે એક ફકડ ફાંકડાં પોસાકમાં સજજ થઇ ભાષણ આપવા માટે જવાનો ઇરાદો થવાથી તેવણે પોતાના ખાસ દરજીને બોલાવી મંગાવ્યો છે.

આજે બુધવાર છે અને રવીવારે તો એક ફાંકડો સુટ પહેરીને મેહેલ્લી જનાર છે એટલે દરજીને સખત તાકીદ સાથે તે ચેતાવે છે.:

"દેખો એ કપરા બહોત મોંઘા હય અઉર અમકુ સુટ આતવારકે દીન જરૂર ચઇએ."

"સાબ આઇતવારકુ જુરૂર અમ લાયગા" દરજીએ કહ્યું અને તે વધારે બોલવા જાય તેટલા બારણું ઉંઘાડીને એક જવાન પારસી બાનુ કોઇ એક ઘરડી પારસણ જે તેણીની માતા જેવી લાગતી હતી તેની સાથે દાખલ થઇ. તેઓ ખુલ્લી રીતે જણાતું હતું કે ગરીબ હાલતના હતાં તોપણ તેઓનો પહેરવેશ, અકસર, કરીને જુવાન પારસણનો પહેરવેશ ઘણો સુઘડ અને સફાઇદાર હતો. મોટી સ્ત્રી અઘોર ઉમરની લાગતી હતી અને નાની નાજુક શરીરની વટમારી એક ગોરી હતી. તે જુવાન છોકરી યાતો હવે સુખના સાગરમાં આલોટવાની હતી યાતો શરમીંદગી અને બેહયાઇની ખાકમાં લોટતી થવાની હતી કારણકે તે સુંદર છોકરી પરણેલી ધણીયાણી થવા વગર થોડાજ વખતમાં એક માતાને દરજજે જનાર હતી!

જો તે જુવાન શખ્શ ખુશ મીજાજમાં ઉભેલો હતે તો તે છોકરી તેને એકદમ જઇને વળગી પડતે, કારણ કે તેણી જે બચ્ચાંની પોતાના પેટમાં હાલ પરવરીશ કરતી હતી તે આજ—આપણાં કુમારા અને સુધ્ધાં ગ્રહસ્થ મી૰ મેહેલ્લી વકીલની બુન્યાદ હતી. પણ પરીચેહેર તેને જોઇનેજ થથરી ગઇ કારણ કે મેહેલ્લીની નજર તેણીની માતા અને તેણીની ઉપર પડતાંજ તે એક વિકાળ વાઘ ગુસ્સે થાય તેમ ચીરડાઇ પડયો. તેણી— તે ખુબસુરત પરીચેહેર નજદીકમાં પડેલી એક ઇજીચેરમાં નસોસ પડી ગઇ અને જે સુખી દહાડા ગુજાર્યા હતાં તેની ગમ ગુજરી ખુશ યાદો તેણી કરવા પડી—મેહલ્લીએ તેણીની સાથે એક ધણી તરીકે વખત ગુજાર્યો હતો અને તે ભોલી છોકરી આવા એક સંસારના "આગેવાન અને પ્રમાણીક ગ્રહસ્થ" સાથે જલદીથી પરણી એક નમુનેદાર સારા ગ્રહસ્થની માહરદાર તરીકે સંસારમાં જાણીતી થવાની ફોકટ ઉમીદો કરતી હતી.

"મી૦ મેહલ્લી" નાલીબાઇએ મેહલ્લી તરફ જોઇને કહયું "તમારા પીતાજીના ગુજરવા પછી ઘણા જલદી અમો તમારી આગલ આયા તેથી તમો માફ કરશો; પણ તમે જાણોછો કે તમુને કેવા અખંડ વ્હાલથી મારી છોકરી પરીચેહેર ચાહેછે તે."

તેણીની માતાના મુખમાંથી એ શબ્દો નીકલયા કે પરીચેહરની આંખમાંથી દડદડ આંસુઓ તુટી પડયા. કારણ કે મેહલ્લીની કરડી વર્તણુકથી પરીને ધારી લીધું કે મેહલ્લી તેણીને પોતાની "વાઇફ" કરશે એ વાત હવે અકકલથી ઉલટી હતી.

"દીકરી, શું તું મેહેરવાનજી જેવા સુધ્ધા, સાચા ને પ્રમાણીક ગણાતા શેઠીયાની મહેરદાર થઇને તારો વાજબી હક હવે મેલવશે તેથી ખુશીના આંસુ ખેરવેછે કે?" નાલીબાઈ જેવણુને મેહલ્લીની વર્તણુકથી "દાલમાં કાંઈ કાળુ" હોવાનો ધકારો ઉપજયો હતો તેવણે ટેક રાખવા પરીનને સધયારો આપયો.

"માતાજી—માતાજી" પોતાની માતાને વલગી પડીને દચકા ખાતાં તેણે કહયું "માતાજી, તમો શું જોઇ શકતા નથી કે આપરી વાત મહેલ્લીને ગમતી નથી?"

"ચુપ રહે બેતી!" નાલ્લીબાઇએ કહયું "તું વગર કારણે બીહેછ. મી૦ મહેલ્લી અમો ધારીએછ કે તમો એક બે મીનીટ અમારી સાથે ખાનગી વાત કરવા ફાજેલ પાડી શકશો?"

"ખુશીથી તેમ કરતે પણ હાલમાં જરા હું રોકાયલો—"

"ચાલો, માતાજી ચાલો." પરીને લગભગ રડી પડતે સાદે કહયું "કોઇબી ચીજ હું ખમી શકીશ પણ ઓ! માયજી, આવી જાતની બેવફાઇ કદીબી હું જોઇ શકતી નથી!"

"મી૦ મહેલ્લી" દલગીરીથી દબાઇ જતા અને કાંઇક ગુસ્સે થતાં નાલીબાઇએ કહયું "મારે શું સમજવું જોઇયે! આ કાગલીયાઓમાં જે ગંભીર વચનો તમોએ લખ્યાં છે તેને શું તમો ભાંજવા તઇયાર છો?" તેણીની બેટી પરીપર મેહલ્લીએ જે "લવ-લેટર્સ" લખ્યા હતાં તેનો ઢગલો બહાર કાઢતાં નાલીબાઇએ કહયું "ઓ! તમે ફીકકા પડતા જાઓછ—તમો ગુચવાઈ ગયલા છેઓ—ડગારા શું—તું મારી ગુલાબ જેવી બેટીને છનસાફ આપતાં અટકશે?"

"બાનુ', આએ દરજી જેવા શખ્શની સાંમે તમો તમુને ખુલ્લા પાડોછ" મેહલ્લીએ કહયું "જો તમો આવતી કાલે નહીં તો કોઇ બીજે દીવસે મારી આગળ આવશો તો હું તમને બદલામાં શું કીમત આપવી તે નકકી કરશ."

"કીમત આપશો!" દબાઇ જઇને પરીને ચીસ પાડતાં કહયું "બારી નાખો તમારા પઇસા ટકાને અને તમારી કીમતને" પછી તેણીએ પોતાનો ચેહરો નાહલ્લીબાઇ તરફ ફેરવી નાખ્યો અને કહયું "માતાજી, હું તમુને કહુંછ કે હવે તમે ચાલો, અહીંઆ ઉભા રેહવામાં હવે જરાક જેટલીબી શોભા નથી."

"ઉભી રહે છોકરી?" પોતાની બેટી જે હવે ત્યાંથી ચાલી જવાનું કરતી હતી તેને અટકાવીને નાલ્લીબાઇએ કહયું "આપણે એવી રીતે પગ તળે કચડાઇશું નહીંજ. આ કાગજો એવા તો ગંભીર વચનો, પવિત્ર કસમો ધરાવે છે કે મી૦ મેહલ્લી, તમારા જેવા સંસારમાં એક ગ્રહસ્થ અને સુધ્ધા ગણાતાં શેઠીયાને નીચું જોવું પડશે. જુવો તપાસો-વાંચો તમારી યાદદાસ્ત શકતી પાછી તાજી કરો અને જો તમને લાગે તો એક દગાખોર નીવડો!" નાલીબાઇએ એકક પછી એકક કાગલ ઉખેડવા માંડયા અને તે સંસારમાં ગ્રહસ્થ તરીકે લેખાતાં પણ બાતેનમાં એક ગદલા કીડા સમાનના ગ્રહસ્થ(!)ને વાંચવા બતાવ્યાં..

"ના નથી પાડતો કે એ કાગળો મેં લખ્યા હતા નહીં." મેહલ્લીએ કહયું "પણ હું તે વખતે બેધ્યાન બન્યો હતો, વીચાર વગરનો થયલો હતો અને મુરખ બનેલો હતો! તમારી પોતાની અકકલબી કબુલ કરશે નહીં કે હું તમારી દીકરી જેવીને મારી મહોરદાર બનાવી—"

"માતાજી-ફરીથી હું તમને વીણવું છું કે તમો ચાલો" તે સુંદર છોકરી ફીકકા ફચ લબે, વચ્ચેથી ધુજતા ધુજતા બોલી "મી૦ મેહલ્લી મારી તરફ જોવો, તમે જે વીટી મને નહી તુટે એવા પ્યારના જુડા વચનો સાથ આપેલી હતી તે પાછી લેવો—હું તમારા જેવા મોટા માણસને પરણી શકું નહીં એ ખરી વાત પણ તમોએ તમારા વચનો તોડયાં છે તોબી હું તમુને કદુવા દઇશ નહી. પણ એટલું તો યાદ રાખજો કે એવોબી દીવસ ભવીષ્યમાં આવશે કે જે દહાડે મને તમે યાદ કરશો અને મારૂ નામ દઈ દઇને દુસકે દુસકે રડશો." તે છોકરીએ પોતાના એક વારના આશકને એમ ઘણી સડેલાઇથી છુટો કરતાં ઉશ્કેરાયલા દીલથી કહયું.

"નહી!" તે માતાએ પોતાની બેટીને આંચકો મારતાં કહયું, "જેમ પઇસાદારો માટે કાયદાઓ છે તેજ મીસાલે ગરીબો માટેબી છે—અને મેહલ્લી જેવા એક બદમાશનું ભોપાલું ઉઘાડું પાડવાની સાબેતીઓ આપણી પાસે રહેલી સારી" અને તેટલુ બોલતાં તેણીએ ભોંય ઉપર ભાંખેલાં તે કાગલીયાઓ ઉંચકી લીધાં અને ડોળા કકડાવી બોલ્યા "તમોએ મારી કુવારી છોકરીનું સત્યાનાશ વાળ્યું છે. તમો બહારથી એક સુધ્ધા, સાચા ફરેસ્તા છેઓ પણ બાતેનમાં તો એક 'સફેદ સાહયા તળેના કાલા શહેતાન' છેઓ. તમો વીધવાઓનું સંકટ નીવારણ કરનારા તરીકે સોસાયટીમાં પ્રખ્યાત છેઓ; પણ તમોને અંદરખાનેથી પીછાણનારાઓ તો જાણે છે કે તમારા જેવા બદમાશો આ દુન્યામાં ઘણા થોડા હશે—તમો એક ગ્રહસ્થ નથી પણ એક હડહડતા બદમાશ છેઓ. તમો છોકરીઓને બુરા માટીદાઓથી દુર રહેવા ભાષણો કરી સમજાવો છો પણ તે તમારૂં ભાષણ તદન ખોટટું છે, કારણ કે તમો પોતેજ પેહલે તો કુંવારી છોકરીઓનું સત્યાનાશ વાલનાર એક કોરગા અહરેમન, એક કાલા શહેતાન અને કસરેવજ છેઓ. અમો ગરીબ હતા અને ગરીબ છીએ તેથી એમ ના ધારતા કે તમો છટકયા છો, તમોએ અમને શરમીંદગી આપી છે તો ખોદા તમુને શરમીંદાં બનાવશે! તુને મારા જેવી એક અધાર વીધવા અથવા મારી બેટી જેવી બાપ વગરની એક કુમારી છોકરીને માટે કશીજ દયા નથી તો ખોદાયગી તારે માટે કાંઇજ દયા રાખશે નહી. તારા તમામ પઇસા ટકાથી તુને એક અરધીનું સુખ આવશે નહીં, કારણ કે મારી પરીનનુ જીગર સદા તુને હાય મારશે! મુવાં અહરેમન લુચ્ચા એક વીધવાના શ્રાપ તારીપર ઉતરશે!"

"મારા ભલા બાનુ-મારા ભલા નાલ્લીબાઇ" જે કદુવા દેવાઇ હતી તે સાંભળીને ફાટી જતા તે કોરગાએ કહયું, "હું જાણું છું કે મેં ખરેખર ખોટું કામ કીધું છે—પણ તે માટે તમોને બદલો આપવા હું હરેક કોશેસ કરશ. આએ હજારની એક નોટ હમણા તમે લેઓ અને પછી—"

"માતાજી-એને અડકતાબી ના" લગભગ ચીસ પાડીને પરીને કહયું "તેની નોટ તેનીજ પાસે રહવા દો-ચાલો આપણે જઇએ."

"મુવા તારી નોટ તારીજ પાસે રાખ" નાલ્લીબાઇએ બુમ પાડીને કહયું "મારા શ્રાપ તને નડશે ને તું મુવાના રૂવે રૂવાપર કોડ ફુટી નીકલશે, જે વખતે તને એ નોટ ખરચવા સારૂ કામ આવશે."

અને ગુસ્સામાં એટલા આખરી શબ્દો કહીને બન્ને મા બેટી ગમથી કપાઇ જતા જીગરે રડતી રડતી બહાર પડી.

તે માય દીકરીઓ ગઇ અને મેહલ્લી દરજી તરફ ફરયો.

તેણે દરજીને તમામ વાત ગુપ્ત રાખવા કહી અને તેનાં બદલા તરીકે તેણે–તે બદમાશ, લુચ્ચા, ઠગારા, ઉપરથી સફેદ પણ અંદરથી કાળા–મેહલ્લીએ દરજીના હાથમાં પાંચ ગીની સેરવી દીધી.

મેહલ્લી જેવા સંસારના કીડાઓ કંઇ થોડાજ નથી. તેઓ પગે માછલાં મારે છે અને મોઢે રામ પોકારે છે. બાનુઓને બદીના રસ્તામાંથી દુર કેમ કરવા તેના સાંધનો બતાવનારા મી૦ મેહલ્લી બાતેનમાં કેટલા બદમાસ નીકલ્યા છે તે આપણે જોયું છે.

* * *

વખત વધતોજ ગયો. ગરીબાઇની જંજીરમાં સપડાયલી પરીન અને તેની મા નાલ્લીબાઇ મેહલીને કશુંજ કરી શકી નહીં—મગર શું ખોદાવંદે પાક તેને આ પાપનો બદલો આપવાને કશુંજ કરી શકયો નહતો? નહીં. તેણે તો પોતાને લાગ્યું તે કરયું.

મેહલ્લી તે દીન પછીથી પડતો અને પડતોજ ચાલ્યો. શરતનાં મેદાનમાં તેની હાર દીનપરદીન થતી ગઇ. શેર અને સટામાં નબલો વખત આવ્યો અને જે હતું તે સફાચટ થઇ જઇ તે કરજદાર બન્યો.

તેના માંગનારાઓ પઇસાની માંગણી દબાણથી કરવા લાગ્યા અને મેરવાન મઓલ જે એક જબરા વ્યાજખાઉ શરાફ તરીકે જાણીતો હતો તેણે પોતાના પઇસાનો ટકાજો જુલમાત સાથે કીધો.

મેહલ્લીનો મોટો માંગનાર એ મેરવાન મઓલજ હતો અને તેણે તો મેહલ્લીની લેવરી કરવાની ધમકી આપી. તેની ધમકીઓ સ્મોલ કોઝ કોરટ સીવાય વધારે ચાલી શકતી નહી હતી મગર તોબી તેણે જે દબાણ અને વલી પોતાની મતલબ કહાડવા તાલ, તલાવત અને સમજાવટથી વાત કીધી તે ઉપરથી એ નક્કી થયું કે મેરવાનની એકપુરી બેટી ગુલનાર સાથે મેહલ્લીએ પરણવું.

મેહલ્લી તદનજ કરકો થઇ રહયો હતો અને જો તે ગુલનાર સાથે પરણે તો તેનું આઠ દશ હજારનું કરજ મેરવાન ફીટમફાટ થયલું જાહેર કરે અને વલી સાથે લાગો મેહલ્લીને ત્રણ ચાર હજારની સેસ કરે.

મેહલ્લીનો અવતાર બાવાં નાહે અને તાપે જેવો હતો, એટલે તેણે એવા "પુલ્લુસ માફીસ" વખતમાં જે મલ્યું તે લખ્યે કરી જવાનું હતું તેથી તે ગુલનારને પરણુવા કબુલ થયો.

ગુલનારનું નામજ ફક્ત ગુલનાર હતું, મગર તેનું બદન ગુલ એટલે ફુલ અને અનાર એટલે દાડમની સુંદરતાવાલું હતું નહી, તેતો તે પેપે વાત કરતી ચ્યાકના જેવી તદન સફેદ મગર કાંઇબી દમામદાર દેખાવ વગરની ચામડીની એક છોકરી હતી અને કાંઇ ઘણું શીખેલીબી નહીજ હતી.

મેહલ્લી ફરજયાત તેની સાથે પરણ્યો, પણુ એકબી લાયકાત વગરની મેરવાન મગોલની તે છોકરીએ મેહલ્લીને ઘરનું એકબી સુખ આપ્યું નહીં અને જેમ વખત જતો ગયો તેમ મેહલ્લીએ વધુ અને વધુ પોતાના સંસારથી કંટાળવા અને દુઃખી થવા મુંડયું.

બદમાશ મેહલ્લી! દર દીવસે તેનો સફેદ સાહયો બદલાતો ગયો અને લોકને પ્રગટ દેખાતુ ગયું કે ચલકતી કાંચરી તળે એક ખુંખાર નાગનું બદન તે ધરાવતો હતો અને તેના કાલા કરતુકોની એક હારમાલા લંબાયલી હતી. તેનો સફેદ સાહયો કાલો અને કાલો તેના ખરા આકારમાં જણાવા પછી તેને લોકો ધીકકારતા શીખ્યા, અને બૈરીની કંલાત જંજાળો અને સીતમગાર દીવસોની કંગાલીયતો જયારે તેને ખમવી પડી ત્યારે તેનો એકબી દોસ્ત તેની મદદે ગયો નહી. મેરવાન મગોલ તો તે પછીથી મેહલ્લીને કાંઇબી મદદ આપતો રહયો નહી, કારણુ કે તે જાતે મખ્ખીચુસ કંજુસ હતો અને વળી પોતાની બેટી ખાતર લગભગ પંદર હજાર રૂપ્યા ઉડારયા છતાંબી હજુ મેહલ્લી તરફથી નાણુંની માંગણી થતી રહી એટલે તેણે હવે. એકબી વધારે વખત પોતાના જમાઇને એક દોઢયું વટીક આપવાની ના પાડી.

વલી હરદમ મેહલ્લીને પોતાની ખોટી રીતની સતાવણીઓ તેની બૈરી ગુલનાર આપતી અને તેણીના બાપને પઇસે તે અત્યાર સુધી નીભી રહયો હતો તેની યાદ હર વખત તેણી તેને આપીને પજવતી રહી. આ ચીજ મેહેલ્લીને ગમતી નહીં હતી અને તેણે લાખ વખત ઇચ્છયું કે ગુલનાર કરતાં કોઇ મીલનસાર બઇરી તેને મલી હતે તો તે સુખી થયો હતે.

હવેજ તેને ગરીબાઇના સંકટો કેવાં હોય છે તેનો ખ્યાલ આવતો ગયો અને શરતની ખોહારીથી તે એટલો પડતો ગયો કે તેની બઇરીની આપેલી રીતનો ખુરદો કયાંનો. કયાં અટવાઇ ગયો તેનીબી તેને ભાન રહી નહીં.

તે બારીકમાં બારીક વખતમાંથી પસાર થતો ચાલ્યો છતાં તેને શરતની મોહીની છોડવા ગમી નહીં અને કરજના ટોપલા તેના સરપર ચઢતાં રહયાં.

ઘણીક વાર મેહલ્લીને અને તેની બઇરીને મોઢાં ગમી કરવાનાબી વાખા પડતાં ગયાં અને તે વખતમાં તેની બઇરીએ તેનીપર જે જે જાતના રોખરાં કીધાં તે જોઇને તેને તોબાહ તોબાહ પોકારવી પડી. તેણે ઇચ્છયું કે આવે વખતે ગુલનારને બદલે એક સંતોશી અને ગમે તેવા સંકટ અને બારીક વખતમાંબી ધીરજ બતાવી શકે તેવી હેતવંતી બઇરી મલી હતે.

તેણે હવે લખ્ખોવાર પોતાની ચાપલુસીની ભોગ ભોલી, ભલી, ગરીબ અને ડાહી પરીનને યાદ કીધી.

તે પરીનની મીલનસાર અને નેક વર્તણુકની યાદ હવે કરવા લાગ્યો. પરીનની સાલેહસાઇ, હીમત, મહેનત અને ધીરજ. જે તેણીની સાથની કમનસીબ આશનાઇ વખતે જોઈ તથા જાણી હતી તે આ હઇયાનો આંધળો હવે કવેળાએ યાદ કરવા લાગ્યો.

તે ભમેલી ભોલી ગરીબ છોકરી દુન્યાના તુચ્છકારમાંથી બચવા પામી હતી યાને લાગેલા જીગર તોડ ફટકા પછી તેણી ઝાઝું જીવી નહી અને અત્યાર અગાઉની મૌતની મીઠી ગોડમાં જઇ લેટી હતી.

આખરે મેહલ્લીની ગરીબાઇએ મેહલ્લીની દેહને સખત રીતે પટકી દીધી, બદબખ્ત પરીન અને તેણીની માના મુંગા કકલાતની હાય અને નાલીઆઈના દિલપીગાર શ્રાપો વીજલી મીસાલ સીતમગર મહેલ્લી ઉપર તુટી પડયા. તે બુઢી ઓરતનો કહેર ભર્યો "કોઢ" ફુટી નીકલવાનો આખરી શ્રાપ આખરે ફલ્યો. કોઢ નહી તો તેથી પણ બુરો ખહીનો મર્જ તે નાલાયક હેવાનને લાગુ પડયો. અને ખાટલા ઉપરનો ખાટલા ઉપરજ તે "ખોદા ખોદા" કરતો દહાડા કાઢતો રહ્યો. તેની બૈરી ગુલનાર એટલી સખત દીલની ઓરત હતી કે તેણી પોતાના વરની આવી જીવલેણ બીમારી છતાંબી બીછાનાની પાસે રહી નહી અને નોકરને તેની પાસે રાખી તે પોતાના બાપને ઘરે જઈ પડી.

નાઆકેબત અંદેશ મહેલ્લી! ખાટલા ઉપર બહુજ દુખી થયો અને તે જયારેબી પોતાની બૈરીને પોતાના બીછાના પાસે જોતો નહીં ત્યારે આંખો બંધ કરી બડબડતો "ઓ પરીન! પરીન!!"

ટુંકમાં, શયતાનની હદ કુદાવી ગયલો આકેબત્તનો ખ્યાલ ભુલાવી બેઠેલો તે એકવારનો "ગ્રહસ્થ" હવે પઇસા વગરની મહોતાજ હાલતમાં રીબી રીબીને હરદમ "પરીન" ને યાદ કરતો રહ્યો અને જ્યારે તે પોતાનો છેલ્લો દમ ખેંચતો હતો ત્યારેબી તેની ભાંગેલી ઢોલકી પાસે તેની બૈરી ગુલનારનો કાંઇબી પત્તો હતો નહી!

તે મરણ પામ્યો પણ મરતી વખતે તેની બંધ આંખોમાંથી પાણી જડતું હતું. ગોયા જીંદગીના પાપનો તે આંખો વાટે પશ્ચાતાપ કરતો હતો—જીવતાંઓએ ચાનક લેવા માટે તે એક દિલ થંડું પાડી નાખનારો દુઃખદાયક અંજામ હતો!—નાદાન!

શયદા.

ખુનખાર તે લડાઇનો અંત દીલ્લીના બાદશાહ બહલોલની ફતેહમાં આવ્યો હતો. લાગત ત્રણ દીવસ સુધી લડાઇ ચાલી હતી, રાત અને દીન, અને આખરે હઝારો લાશ અને ઢાકાં વગરનાં સેંકડો મુરદાંઓના ઢગો થયા પછી ફતેહનો વાવટો બહલોલની તરફેણમાં હવામાં ઉડતો થયો હતો અને રાજા નાહરસીંહની હાર થઇ હતી.

નાહરસીંહ! લડાઇનાં મેદાનમાં નાહરસીંહ એક સેર બચ્ચાના જેવો બાહદર અને જોરેમંદ પહેલવાન પુરવાર થયો, મગર તેની બળવાનીનો પાયો તેનાં નાનાં લશકરની સંખ્યાને સબબે ધસી પડીને ચુરજે ચુરજા થઇ ગયો હતો. નાહરસીંહ હારયો અને રણક્ષેત્રપરથી જીવ લઇને નાહઠો. તે એક રજપુત હતો અને રજપુતોના બળવાન લોહીનું એક એક ટીપું તેના બદનમાં ફરતુ હતું અને તેવા સબબે પણ તે પીઠ આપીને લડાઇના મેદાનમાંથી નાહસી ગયો નહીજ હતે પણ નાહસી જવા માટે તેની એક ખાસ મતલબ હતી અને તેથીજ તેણે રજપુત શુરાતનને જમીનદોસ્ત કરીને પોતાના લશકરનો અંત આવતાંજ પોતાની ગરદન ઉડી જાય નહી ત્યાં સુધી લડવાને બદલે એક હીચકારાની માફક પીઠ આપી હતી.

મગર, તેના હીચકારાપણાંમાં એક મુસ્તકીમ દલીલ સમાયલી હતી અને તે દલીલના માસ્મીક વેરથી પોતાના દુશમન બહલોલખાં ઉપર એક જબુન વેર લેવાનો તેને કસદ કરયો.

દીલ્લીનો બાદશાહ બહલોલખાં લડાઇના અંત પછી નાહરસીંહના પાયતખ્તમાં પોતાની ફોજ સાથે યાહોમ ધસી ગયો અને રાજા વગરની રાજ્યગાદીનો તે એક લહેઝામાં ધણી થઇ પડગો.

ત્રણ વરસ પસાર થઇ ગયાં.

* * *

નાહરસીંહને પકડીને જે કોઇ શખ્સ લાવે તેને એક હઝાર સોના-મોહર આપવાનું બહલોલખાંએ મોટું ઇનામ કાઢયું હતું, પણ ત્રણ વરસની મુદત ખતમ થઇ ગઇ તોએ ન નાહરસીંહ પકડાયો કે ન નાહરસીંહની કશી નસલ યા નીશાની માલમ પડી.

હવે દીલ્લીમાં તે વાતની યાદ જવલેજ થતી હતી—દરબારમાં કોઇ કદાચ વાત નીકલતાં દરબારીઓ નાહરસીંહની વાતને મનમાં તાજી કરી એકમેકમાં કચકચ ચલાવતા હતા, પણ શહેરમાંથી તો તે યાદ સદાની ભુસાઇ ગઇ હતી. મોટે દરજ્જે એમ મનાતું હતું કે નાહરસીંહનો નાશ કોઇ જંગલમાં થયો હશે યા તો તેનો ભક્ષ કોઇ વાઘે કરયો હશે.

એક સાંજને સમયે બાદશાહ બહોલોલખાં પોતાના રાજ્યકીય ઓરડામાં પોતાની એકપુરી બેટી ખુરશીદને લઇને વાતે બેઠો હતો. બાપ બેટી બારીએ બેસીને ગુફ્તેગો ચલાવતાં બાગમાં જોતાં હતાં અને બાગમાંના ખુશબોદાર અને મનને તાઝગી આપનારાં ફુલોને જોઇ ખુરશીદ તરેહવાર ખુશ કરનારા લફ્ઝો કુદરતની મહાન શક્તીની તારીફમાં બોલતી હતી, જે તેણીના પાદશાહી તોખમના પીતાને અતીષ્ય મનોરંજક લાગતું.

સુરજ અસ્ત પામતો હતો અને તેનાં આખર થતાં નરમ કીરણો ખુરશીદના ગુલાબી રૂખસારા ઉપર પડીને તેને વધારે સુરખીદાર બનાવતા હતા. કીરમજી હોઠોમાંથી બહાર પડતો ખુરશીદનો દરેક શબ્દ જાણે તેણીના રતાશવાલા ગાલોને લાલમલાલ બનાવી મુકતાં અને એક દાડમમાં જે એક સરખી ઢબે દાણાઓ ગોઠવાયલા હોય છે તે મીસાલે ગોઠવાયલા મન આનંદ કરનારા ખુરશીદના દાંતો તેણીની ખુબસુરતી કેવી અસરકારક રીતે કુદરતે બનાવી હતી તેનો પુરાવો આપતાં હતાં.

ખુબસુરત બેટી અને દીલાવર તે બાપ બન્ને ગુફ્તેગોમાં ગુંટાયલાં હતાં તેટલાં બાગમાં કોઇ જુવાન નાઝનીનને તેઓએ દાખલ થતાં જોઇ. બાદશાહ ચમકયો. કોઇબી રાણીને ઝનાનામાંથી એક ડગલુંબી બાદશાહના

હોકમ વગર હઠવાની મનાઇ હતી અને આ શું? શું કોઇ રાણી, અના-નામાંથી નાહસી જતી હતી? પણ ગંભીર મને જોતાં બહલોલખાંએ પારખી કાઢયું કે તેની પાંચ રાણીઓમાંની કોઇબી રાણી બાગમાં આવ-નારી તે ઓરત ન હતી. આ આવનાર તો બહારનું કોઇ હતું. પણ ત્યારે બહારનું હતું તો કોઇ પહેરેગીર તેણીની સાથે કેમ હતો નહી? પણ વધુ વીચાર કરવાની તકલીફ બાદશાહને પડી નહીં કારણ કે તુરતજ એક સંત્રી અંદર ચાલી આવ્યો અને તે ઓરતને મહેલનો દરવાજો બતાવતો તેણીની થોડે દુરથી ચાલવા લાગ્યો.

સંત્રીએ બાદશાહને કહેણ મોકલાવ્યું કે એક પંજાબી નાઝનીન જે ગાવામાં ગમે તેવાં મજબુત મનનાં આસામીને ગાયનની મજાહથી એક નાગ જેમ વાંસલીના સુંદર સરોદથી લોટે તેમ લોટાવતી હતી તે આવેલી છે અને દીલ્લીના રાજાને પોતાને પોતાના ગાયનની મજાહ ચખાડવા માગે છે.

બહલોલખાને ગાયનનો ઘણોજ શોખ હતો અને તે કોઇ ચુનંદા ગાયણકારની શોધમાં હતો તો ઘર બેઠાં આવેલી તે હુશીયાર કહેવાતી પંજાબી ગાનાર નાઝનીનને બોલાવવાને અને તેણીનો નાદર હુનર સાંભ-લવાને તે ઘણો તલપાપડ થઇ રહયો.

એક બોલે તેણે તે ગાયનકારને બોલાવી મંગાવી અને તે ઘણીજ અદબ અદાથી ઓરડામાં ચાલી આવી.

તેણી દીલરૂબાપર પોતાનો હુનર ચલાવતી હતી અને પહેલું ગાયન જે તેણીએ ગાયું તે "વફાઇ" ઉપર હતું. આહા, તે સુંદર સરોદ અને વાંસલીને બાજુએ મુકે તેવો મીઠો આવાજ! પહેલીજ લાઇને તેણીએ બહલોલખાને એવો તો ખેંચી લીધો કે તે એક લોહચુંબક ખેંચાય તેવી રીતે તે ગાયનકાર તરફ ખેંચાઇ ગયો.

"વાઉવા! કયા અચ્છી સુનાઇ, મરહબા!" બહલોલખાંએ પોતાના દરજ્જાનો ટેક ભુલી જતાં એક શરાબી આદમ જેમ કેફની ધુણ અને લહેરની તાનમાં આવી જઇને પગપર હાથ ઠોકી ખુશાલી જાહેર કરે તેવી વર્તણુંક ચલાવતા કહ્યું.

"જી, આપ નામવર હુકુમ ફરમાવો તો કનીઝ કોઇ દુસરી ચીઝ સુનાયગી," મધુરા મીઠાસથી ભરેલા ઝીણા સાદે તે પંજાબી ગાયણકારે બહલોલખાં આગલ પોતાની અરજ રજુ કીધી, જે વખતે બોલતાં બોલતાં

તેણીના ગુલાબી ગાલોમાં નાના ખાડા પડયા જે તેણીના રૂખસારને વધારે બેચાણુકારક બનાવતા હતા. અરજ કરવા પછી તેણી એક નીરદોશ બાળક પેરે બહલોલખાંનો ચહેરો નીહાળતી ઉભી અને તે બાદશાહ શો જવાબ આપે છે તેની એક ઘડીભર રાહ જોવા લાગી.

"બહોત ખુબ, બહોત ખુબ, ચલને દો," બહલોલે ખુશ ખુશ થતાં હુકમ કીધો. "મગર, ગાનેકે અવ્વલ એ ચીઝ બતાવોગે કે આપકા એસ્મ કયા હય?"

"જી, નામવર, મુજ કનીઝકો અનારકલી કહેતે હય," કંઇક લજવાઇને તેણીએ કહ્યું.

"માશાલ્લા, આપ અનારકે કલીયાંકે મીસ્લી હો તો આપકા નામ કયું અનારકલી ન રખ્ખા જાય?" બાદશાહ બહલોલે તેણીની ખુબસુરતીની તારીફમાં હવે બોલી દીધું જે સાંભળી અનારકલી વધુ શરમશાર બની ગઇ.

જો બાદશાહ એટલુંજ બોલીને રહ્યો હતે તો તે વાત જુદી હતી, પણ તેણે તો ખરડયા પગ ગાલીચા સુધી લંબાવ્યા અને અનારકલીને પોતાની છઠ્ઠી રાણી દાખલ ઝનાનખાનામાં મોકલાવવા ચાહી.

અનારકલીએ સાફ ના પાડી.

તેણીએ જણાવ્યું કે તેણી કદીબી શાદી કરવા તૈયાર થાય નહીં, કોઇપણ જોખમે નહીંજ, કારણકે તેણીએ ગાયનોની મજાહમાંજ પોતાનું સઘળું સુખ રાખી લીધું હતું.

બહલોલે ઘણી બહોંસ કીધી, પણ તેનું જયારે વલ્યુંજ નહીં ત્યારે તેણે અનારકલીને મોટા મુસારાએ પોતાની બેટીને ગાયનની તાલીમ આપવા એક ઉસ્તાદ તરીકે પોતાના રાજયમાં રહેવાને અરજ કીધી.

આ અરજ કબુલ રાખીને અનારકલી શાહજાદી ખુરશીદની સાથે તેણીના આરાસ્તે મેહેલમાં ગઇ જયાં તેણીને હંમેશ સુધી ખુરશીદની સાથે રહેવાનું હતું.

* * *

વખત કોઇને માટે થોભી જતો નથી. તે તો પોતાના કદમ લંબાવતોજ જાય છે.

અનારકલીને બહલોલની બેટી ખુરશીદની સાથમાં રહેવાનેબી છ મહીના પુરા થવા આવ્યા. તે અરસામાં કાંઇબી નવું બન્યું નહીં સીવાય એજ કે દર અઠવાડીએ રાતના અનારકલી ખુરશીદની ખાબના વખતે છુપાછુપ મહેલની બહાર જતી અને પરોઢીયું થવા આવે ત્યારે તેટલીજ ગુપચુપ મહેલમાં પાછી ફરતી.

આ વાતની ખબર પહેલાં તો ખુરશીદને થઇ નહીં કારણકે તેણી ઉંઘમાં બધું ખોહતી હતી. પણ એક રાતે જયારે તેણીએ જાગી ઉઠતાં અનારકલીને સુતેલી જોઇ નહીં ત્યારે તેણીએ બીજે દીવસે તે ચાલચલણનો સબબ અનારકલી પાસે માગ્યો. તેનો જવાબ આપતાં કયાં તે પંજાબનને આવડતો નહોતો જે!

તેણીએ ખુલાસો કરવાની અગાઉ પોતાની સાગરેદ ખુરશીદને સેંકડો લાહવરાં સાવરાંથી 'સમજાવી લીધી અને પછી કહ્યું કે તેણીની એક બહેન જે કેટલાંક આસામીઓની બદ લંપટમાં ફસી હતી તેણી હાલ ભુખમરો સેહવતી દીલ્લીમાં આવી હતી. તેણીને ભુખમરાથી બચાવવાને તેણી આંઠ આંઠ દાહડે મદદ આપી આવતી હતી, અને વળી એક કાંકરે બે પક્ષીઓ મારતી હતી. કેમકે મદદ આપવા સાથે તેણી વળી તે અઝીઝ બહેનને મુલાકાત દઇ આવતી હતી.

ખુરશીદના ધ્યાનમાં તે વાત ઉતરી ગઇ અને તેણીએ તે પછી અનારકલીની દર અઠવાડીયાંની રાતરે બહાર જવાની બાબદમાં કનવાર ચલાવી નહીં.

હવે આપણે અનારકલી કયાં જાય છે તેની તપાસ લઇએ.

આજ રાત્રેબી તેણી ખુરશીદને છોડીને મહેલમાંથી છુપાછુપ નીકળી આવી છે. દરવાજા ઉપરનો સંત્રી જે અરધો ઉંઘમાં અને અરધો બીદારીમાં છે તેબી અનારકલીના હાથમાં રમી ગયલો લાગે છે કારણકે તે તેણીને કશોબી સવાલ કર્યા વગર બહાર જવા દે છે.

અનારકલી ચાલતાં ચાલતાં એક માઇલ દુર નીકલી આવી છે અને તેણી એક ભાંગેલાં મકાનમાં દાખલ થવા પામી છે.

"કેમ શયદા? તું આવ્યો કે?" અંદરથી એક અવાજ આવ્યો અને તે પછી એક કદાવર શખ્સ એક તુટેલી ખાટલી ઉપર બેઠો. તેણે સફેદ ખોટી દાઢી જે પહેરી હતી તે કાઢી નાખી, માથાપરના ગુચ્છાદાર

બાલની ટોપી ઉતારી મુકી અને એક નીસાસો નાખતાં અનારકલી ઉર્ફે શયદાને પોતાની પાસે બેસવાની ઇસારત કીધી.

"હવે તો તારે મારી ઇચ્છા અને આપણી ગોઠવણનો છેડો અહીંજ લાવવો જોઇએ. મેં બહલોલખાં સામે લડતાં લડતાં સોગંદ ખાધા હતા કે તેની એક પુરી બેટીને ગમે તેવા જોખમે ઉપાડી જઇ તેને સદા સુધીનો બરીયેલ અને બલતો જલતો બનાવી મુકવો. તે વેર લેવાનો વખત હવે આવી લાગ્યો છે. એ કરવાનું કામ તારા હાથમાં છે. અનારકલીનું નામ અખત્યાર કરી, બનાવટી બાલ અને સ્ત્રી વેશ ઘણી ચાલાકીથી સજીને મહીનાઓ સુધી તેં આપણો પલાન બહલોલના મહેલમાં બલકે ખુદ ખુરશીદ જેને આપણે ઉપાડી જવા માંગીએ છીએ તેના મહેલમાં રહીને તમામ તૈયાર કીધો છે તો ખોટી થવાની જરૂર નથી. જો હું હજુર તો આટલી મોડી રાતે હમણાંજ ઘરે આવ્યો છું. તું આવ્યો તેની પાંચ છ મીનીટ આગમજજ હું અહીંઆ આવ્યો હતો અને મેં આજે એક નવી અને ધાસ્તીભરી વાત બજારમાં સાંભળી છે."

"ખચીત?" શયદાએ અજાયબી બતાવી "તે શું છે?"

"જરા ધીર પકડ. શાંતીથી સાંભળ. જો, ધારવા મેલે બાદશાહ બહલોલે કોઇ છુપા જાસુસથી સાંભળ્યું છે કે હું—નાહરસીંહ—તેના રાજ્યમાં છું અને એક બુઢ્ઢા મુસલમાનના વેશમાં છું. વળી તેણે મારા નવા વેશનું વર્ણન પણ મેલવ્યું છે એટલે હવે એક બીજું અઠવાડીયું બી આપણને રહેવું સલામતી ભરેલું નથી. હવે તો તારે મારાં નમકને વફાદાર થવું જોઇએ અને મેં તુને તારા બચપણથી ઉધારીને આટલી ઓગણીસ વરસની મોટી ઉમરનો કર્યો છે તેનો બદલો તારે આપવો જોઇએ. આજ કાલમાં હવે તારે ખુરશીદને અહીંયા ઉપાડી લાવવી જોઇએ જે પછી આપણે તેણીને લઇને અહીંથી દુરદરાજ નીકલી જઇશું અને પોતાની એક પુરી બેટીના ખોહવાથી બહલોલખાંને બાલી બાલીને તેનાપર મારૂં વેર લઇશું. જો તું તો એક ઓરતના કાવલા બદનનો છોકરો છે તે કદાચ આખે રસ્તે ખુરશીદને ખાંધે મારી શકશે નહીં તેથી આગલથી મેં ગોઠવણુ કીધી છે તે મુજબ તને આપણો નોકર મસુદ મદદ લાગશે અને રસ્તામાં કશીઆ ગડબડ જો મધ્ય રાત્રીને વખતે બનવા પામે તો તેને દાબી દેવા મેં મારી એકઠી કીધેલી નાની ફોજ લડવાને તૈયાર રાખી છે—તેઓ ૧૦–૧૫ આદમીઓને તો એક સપાટામાં દાબી

ડેરો અને બાદશાહને કાને સહવારે વાત જાય તેટલાં તો આપણે સેંકડો કોશ ઘોડા દપતાવી જઇશું. જા, સલામ. તારો અનારકલીવાલો પોશાક પાછો પહેરી લે અને આવતી કાલે જરૂર ખુરશીદને ઉપાડી લાવજે."

ખરો શયદા પણ ખોટી અનારકલી ખુરશીદના મેહેલમાં અનારકલીના નામ કામ તળે દાખલ થઇ. પરોઢીયાનું ઝળઝળું તે પછી થોડે વખતે થયું અને જાણે કશામાં નહીં હોય તેમ સહવારની રાગણીનો અલાપ દીલરૂબાપર અનારકલીએ ઉતાર્યો અને ખુરશીદ તેણીની પાસે ધ્યાન દેતી બેઠી.

બપોરના ત્રણ વાગ્યાનો સુમાર થયો હશે તેટલાં રાજમહેલ આગળ મોટી ગડબડ થઇ રહી અને શું થયું હતું તે જોવા માટે ખુરશીદના મહેલની બારીએથી ખુરશીદ અને અનારકલી ડોકું બહાર કાઢીને જોવા લાગ્યાં.

તે દેખાવ જોઇને અનારકલીનો ચહેરો ફીકકો મારી ગયો, કારણ કે ચાર મજબુત દેખાવના ચોપદારોએ નાહરસીંહને પકડયો હતો અને તેઓએ નાહરસીંહના માથાં ઉપરની ખોટા બાલની ટોપી અને બનાવટી દાઢી ભોંય ઉપર ફેંકી દીધી હતી.

ફીતુરી નાહરસીંહ પકડાયો હતો અને તેને જોતાં રાજ્ય મહેલની સામે હઝારો લોકોની ગંજાવર ઠઠ મલી હતી.

પા કલાક બીજો પસાર થાય તેટલામાં તો ખુરશીદના મેહેલમાં ધરધર કરતાં સીપાઇઓ ચઢી આવ્યા અને તેઓ અનારકલી ઉરફે શયદાને પકડી ગયા.

*　　　*　　　*　　　*

નાહરસીંહને ગરદન મારવાની સજા થઇ અને શયદાને જનમ સુધી બંદીખાને નાખવાનો હુકમ થયો.

આ હુકમોનાં પહેલા હુકમ સામે કોઇબી આસામીએ અવાજ ઉઠાવ્યો નહી, પણ શયદા જેવા ખુબસુરત અને ઉસ્તાદ ગાયનકારને છોડી મેલવા માટે તમામે તમામ પ્રજાએ અરજ કીધી.

બહલોલખાં પીગળ્યો અને તેણે શયદાને માફ કીધો, પણ નાહરસીંહની સજા કાયમ રાખી.

બસ અતરે આ બનાવનો છેડો આવતે, પણ બીજી એક બીના બનવા પામી.

શયદાની ખુબસુરતી અને તેની ચુનંદી હુનરબાઝી ઉપર ખુરશીદ ગોયા દીવાની બની ગઇ હતી અને તેણીએ પોતાની શાદી શયદા સાથે કરી આપવાની બહોંસ પોતાના પીતા બહલોલ આગલ કીધી.

એકપુરી અઝીઝ બેટીનો સુખન રાખ્યા વગર બહલોલને ચાલ્યું નહી અને તેણે ખુરશીદ અને શયદાની શાદી કરી આપી.

શયદા નમકહરામ બન્યો નથી. તેણે પોતાના સસરા બહલોલને સમજાવીને પોતાને ઉધારી મોટા કરનાર નાહરસીંહને ફાંસીએ જતો બચાવ્યો.

સૌ સુખી જેતું સેવટ સુખી.

ખુરશીદને ઉઠાવી જવા માટે મોટા જોખમ માથે ખેડનાર શયદા આખરે તેણીનો ભરથાર થવા પામ્યો અને દીલ્લીના બાદશાહના તાજ તખ્તનો વારેસ બન્યો.

ખટલો ખુની ને તેની બે મોહોરદાર.

પારસીઓના કાયદા અને પારસીઓના ધારાથી ઉલટો ચાલીને બીલીમોરાના ખરશેદજી માછીએ જીવતી બઇરી છતાં બીજી બઇરી પરણી હતી.

હા, ખરશેદજી રૂસતમજી ઉકરજી માછી બીલીમોરામાં પોતાના ખેતરમાં ખેતીનો ધંધો કરતો હતો, પણ તેના બાપદાદાએ માછલાં પકડવાનો પેશા ચલાવેલો હતો તેથી તેની અટક "માછી" ના તેની બાપીકી ઓખરથી ચાલુ ઉતરી આવી હતી.

ખરશેદજી, ગામમાં ખટલાને નામે ઓળખાતો હતો અને ગામડીયાઓ તેને "ખટલા માછી ભાઇ" ને નામે પીછાનતા હતા, મગર તેના હેટના કટકાઓ તેને ખટલો ખુની કહેતા અને તેમ કરીને તેના ખટલાનાં નામની પાછળ ખુનીનો કમકમાવનારો એલકાબ ઉમેરતા હતા.

ખટલાને ખુની કહેવાનો સબબ એ હતો કે ગામનાં લોકો ચાવાચાવી કરીને વારંવાર ખટલાની ગેરહાજરીમાં બોલતા હતા કે તેણે

પોતાના એક દુબરા નોકરનો કાંઇ વાંક પડતાં તે દુબરાને બાવલના ઝાડ સાથે બંધાવીને દાડમડીની સોટીએ એટલો બધો તો માર મરાવેલો કે તે ગરીબ દુબરાની ચામડી ફાટી ગઇ હતી અને તે નીરદય તથા દયાહીણ મારની અસરથી ત્રણ દીવસમાં તે બીચારા દુબરાનું મરણ નીપજયું હતું.

આવો તે ખરશેદજી માછી ઉરફે ખટલો ખુની હતો અને તેનો ધંધો ઉપર કહયું તેમ ખેડુતનો હતો.

તે ખેતીની સારી જેવી જમીન ધરાવતો હતો અને તેના પઇસા તથા તેના દાબથી તે ગામના પટેલ કરતાં સેહેજ પાયરીએ ઉતરતો હતો. જો કે પટેલબી ખટલાને ઘરે કોઇ દીવસે આવતો તો ખટલો તેની ઉપરબી "હાકમઇ" ચલાવી તેને બીહવરાવી નાખવા પોતાના કુતરા "કાછીયા" ને તેનાં દીલપર દોડાવતો.

પટેલ! ગરીબ બીચારો તે!! ફકત એક લંગોટ સાથનો તે પટેલ હતો અને લંગોટ સીવાય આખે શરીરે નાગો તે પટેલ ખટલાના કાછી-યાના "ભાઉ-ભાઉ" થી બીહી ધ્રુજી જતો ને ખટલાના ઓરડાની વચમાં મુકેલી મોટી ટેબલ ઉપર ભરાક દઇને કુદકો મારી દઇને અકરૂ બેસીને થર-થર ધ્રુજતો.

એવો લટખટ ને પટેલની ઉપરવારો તે ખેડુત ખરશેદજી માછી લકબે ખટલો ખુની હતો અને તેણે પોતાના કુવરજી કાકાની પોરી ભીખી સાથે લગન કરયા પછીથી પાંચ વરમે એક બીજી સાથે લગન કીધાં હતાં અને તે બીજી તે દીના દારૂડયાની દીકરી દીનઇ હતી.

દીનઇને પરણવા માટે બેશક ખટલાને સબબ મળયો હતો કારણ કે દીનઇ તેની આંખમાં "ગળગોટા જેવી સોભઇતી ને સુંદર" હતી અને વળી દીના દારૂડયાએ ગામની પાદરેનું પોતાનું "બેવરા-મસાલા" નું પીઠું ખટલાને ચલાવવા માટે આપવાની કબુલાત આપી હતી.

પણ આએ દીનઇ માટે ગામમાં શાખો હતો અને લોકો કહેતાં કે તે તો દીનાની રાખેલી જીવણઇ દુબરીને પેટની તે છોકરી હતી અને તેણી "સુંદર" હોવાથી દીનાંએ તેણીને પોતાની પારસણ બઇરીને પેટની જણાવીને દસતુરો સાથે ઠાગો રમીને સદરો પહેરાવયો હતો, અને બેશક તે શાખો કાંઇ ખોટો હતો નહી, કારણ કે પોતાને ત્યાં રાખેલી

એક શોભઇતી કુઅરી ઉપર દીનો દારૂડયો મોહી પડયો હતો અને તેનાં પરીણામે "દીનબ" જનમી હતી.

આ દીનબ તે આપણે ઉપર જોયું તેમ ખટલા માછીની જીવતી બઇયર ભીખઇ ઉપર આવેલી શોખ હતી.

કમનસીબ ભીખી! તેને બે છોકરાં થયાં હતાં. એક દીકરી ને બીજો દીકરો અને તે બચ્ચાઓ સાથે તેણે પોતા ઉપર શોખ આવેલી જોવાથી તેણી તો ગભરાઇને ડઘાઇ ગઈ. જે દહારેથી દીના દારૂડયાની દીકરી દીન તેના વરના પાસામાં ભરાઇ હતી તે દહાડેથી તેણી તરફનું ખટલાનું માન ઓછું થયું હતું અને ખટલો દીનબની સુઝે ચાલીને ભીખઇને હારમાર કરતો હતો અને લાગ ફાવે તો હાથ ઉંચકવાનેબી સેહેજ અચકાતો નહી. ભીખઇ ઉપરથી તેનો પયાર ઉતરી જવા સાથે તેનાં નાનાં બે છોકરાંઓ ઉપરથીબી તેનો ચાહ કમતી થતો ગયો હતો અને તે બેઉ નીરદોશ બાળકોનેબી પોતાની માય સાથે ઘણું ઘણું વેઠવું ને ખમવું પડતું હતું.

પયાર ઉતરી જવા સાથે પેલી "દીનબ" નાં મીઠાં મરચાંથીબી ખટલાના કાન ભંભેરાઇ જતા હતા અને તે વારંવાર ભીખી ઉપર ગુસ્સાના રોંહસા ને જોહસા સાથે ઉતરી પડી કોઇ વખત તો દમબી દેતો હતો કે "ભીખી, હું તુંને દાંતરડાંએ કાપી લાખા."

આખરે તેવા ને તેવા રડવાના દીવસોથી ભીખીનો વખત જવા લાગ્યો જે અરસામાં તેણીએ દુઃખનાં મોંહ સીવાય બીજાં કશાંનું મોંહ જોયું હતું નહી.

એક સવારે ગાલ્લું જોરીને ખટલો આંગણામાં ગયો અને તેણે દીનબને વહાલથી હાંક મારયો :—

"અરે ઓ લારકી, હમજે કે પીયારી—તારા વના મને તો ગાલ્લીએ હાંકવા ની ભાવે, તેથી લઇ કરીને જો તું મારી હાથે ચાલે કેની તો ઓય હરખાં કે ચઉટેથી કાંઇ જોઇતું-કરતું લી આવ્યે."

"ઓ, જીરે મરૂં, આવીજી." ના લાર મદારીઆ વાકય સાથે દશ દશ વખત ઓવારાણા લેતી દીનબ બહાર આવીને તેણે અગીયારમી વખત ખટલાને ઓવરણા લેતાં ગાલ્લાંમાં જગ્યા લીધી.

તે બેઉ જણુંઓને જતાં ભીખીએ બારણાંમાંથી જોયું અને તેજ વખતે તેણીનું કોમળ હઇયું અસહ્ય દુઃખની લાગણીથી ભરાઇ ગયું અને તેણી દડદડ આસું પાડવા લાગી. જે જગયા તેણીની હતી તે જગયા દીનબઇએ લીધી હતી અને તેજ ખ્યાલથી તેણી ગુમરાહ અને દીવાની બની જતી હોય તેમ બેસુધ અને બેવીચાર બની જઇ ઓરડામાં જઇને ખાટલી ઉપર પછડાઇ પડી.

કમનસીબ તે ભીખી! તેણી જ્યારે ખાટલી ઉપર પડી આંસુંના દરીયાવ વહેવાડતી ત્યારે તેની શોખ ગાલ્લાંમાં તેણીને માટે કાતીલ ઝેર તૈયાર કરતી હતી.

ખટલો ને દીનબઇ, બેઉ જણાં ગાલ્લીમાં બેસીને હંકરાઇ ગયાં. ગાલ્લી હજી તો પા માઇલ ગઇ હશે તેટલાં કસરેવજ દીનબઇએ પોતાની કસરેવજી ચલાવવા માંડી.

"જુઓની ખરશેદજી, તમારી ઉપરથી મરૂં બધી તે તમોએ તમારાં ઘેરમાં ભીખી નથી પાળી પણ તમુને ભખી ખાનારી પાળેલી છે સમજ્યા. કહેતી તમારી ઉપરથી લાખ વખત ઓવરાઇ જાય તે જીભ-રાયાને કહું જે ભીખી સાથે તમે સારા નથી કેની તેથી તે મુઇ તો રતલા દુબરા સાથે મળી જઇને કોહતાં-કાવતરાં કરેછ."

"હે, હે! દીનબાનુ તું કાય બોલી? હું! હું ભીખી કાભા મારી હામે કોહતાં-કાવતરાં કરે?" ખટલાનાં તો બીન તે સાંભળીને ફરી ગયાં અને તેણે તો કોહતાં-કાવતરાં સાંભળીને લાલ ટોટી જેવા ડોળા કરી મુકયા.

પેલી નાપાકે જોયું કે આગની તે ચીનગારી સારી રવેશે કારગત લાગતી જાય છે તેમાં તેણીએ પુરેપુરૂં ઘાસલેટ નાખવાનું વીચારી એકદમ કહયું.

"આ મરૂં રે તમારી ઉપરથી બધી તમે એમ ઉશકેરાઇ કાંય જાઓછ જા? તમુને વાત નહી ગમતી હોય તો નહી કરૂં."

"અરે નહી હું રે! તું મારી પીયારી હોય તો મારી પાહે તે વાત કરે-બોલ તો ખરી."

અને તે અહેરમનજાદીએ જેમ બને તેમ આગમાં તેલ રેડી દીધું.

"તમે વાત નથી કરતા તે એ મુઇ તમુને મુઠ મારવા સારૂં રતલા દુબરાને કેહેતી ફરેછ ને રતલો પોતાના કોઇ સગાને ત્યાંથી મંતર લાવીને તમુને મારી નાખવાનો છે."

"હેં? મુને મારી લાખવાનો? મુને મારે તે અગાઉ તી ને તીનો હગો ને ભીખી ની પહોંચી થઇ જાય કે?"

અને તે પછી આખે રસતે ખટલો બળી જળીને ગુસ્સાથી કવાબ થઇ જતો લાગ્યો.

તેણે તો ઘેરે આવીનેજ ભીખુ વધતાં ફેરવી નાખ્યાં.

બીજે દીવસે રતલો દુબરો જયારે કામ ઉપર સકારેથી રાબેતા મુજબ આવ્યો ત્યારે ખટલાએ લાગ જોઇને તે નીરદોશનું ગળું ડાબી દીધું અને તેમ કરીને તેને દુર જંગલમાં ગારી દીધો ને પછી બપોરે પોતેજ રતલાના સગાને ત્યાં તેને પુછતો ગયો. રતલાના સગાઓએ રતલો સવારનો કામ ઉપર ગયો છે તેમ "ખટલા છેઠ" ને જણાવ્યું પણ ખટલાએ ના પાડવાથી શોધાશોધ થઇ રહી અને થોડા દીવસની તેવી જેહેમત પછી "રતલો વાઘથી ખવાઇ ગયો ઓહે" ના ઠેં પાડનારા સધયારાથી બે દીઆં રડી લઇને તે સગાઓએ વાત ઉપર પુરો નાખ્યો.

હવે ખુની ખટલો ભીખીનો નીકાળ કાઢવાના કામ ઉપર પડયો. તેણે એક રાતે ભીખી સુતી હતી ત્યારે તેણીનું ગળું દાબી દઇ તેણીનોબી નીકાલ કરી નખ્યો અને તે કમનસીબ અબળાના શબને પણ જમીનમાં દાટી નીકાળ કહાડી નાખી ગામમાં પોતાની બઇયર ભીખીનાં કુદરતી મોતથી મરી જવાની વાત ફેલાવી.

જો કે તે વાત માટે કોઇ કોઇ ઠેકાણેથી શક બરપા થયો મગર ખટલાના દાબથી કોઇ કાંઇ બોલતું નહી અને તે ૧૫ વરસની ઉપરના ગામ બીલીમોરામાં ઉપલાં બે ખુનોની વાત જાણેં બે મરઘીઓ કાપી નાખી હોય તેમ છુપા છુપ અને ચુપા ચુપ કાંઇબી જાણ વગર ડબાઇ ગઇ.

કસરેવજીની દદા, અફરાસીયાબના કામોનો એક છાપ, ઝોહાકના જુલમી તઉરનો એક નમુનો ભીખીની કાસલ જવાથી ખુશી થતી હતી અને હવે ખટલાના પઇસા અને ખટલાના વજીફાની પોતે એકલી માલેક તથા પોતે એકલી ધણીયાણી હતી તે વાતથી ખુશી થઇ જઇ પોતાનાં મનમાં મધન અને છલકાઇ જતી હતી.

તેણી હવે ખટલાનાં દીલમાં દર દીવસે અને દર દહાડે વધારે ને વધારે જગ્યા લેતી ગઇ અને જેમ જેમ તેણી ખટલા આગળ વહાલી બનતી ગઇ તેમ તેમ તેણી બીખીનાં છોકરાંઓને ખટલાથી હરરોજ વેગળાં ને વેગળાં કરીને તે માય વગરનાં નિરદોશ બાળકોને ભુખ અને સુખથી હેરાન કરવા લાગી.

તે ગરીબ બાળકો! તેઓ સુકાઇને છોરાં થતાં ચાલ્યાં અને પોતાની ખરી માયના સાહ્યા વગર અને સાવકી જુઠી માયના જુલમાટ હેઠળ રીબવા લાગ્યાં. આખરે કયાં સુધી તેઓ જીવે ને જપે? પરીણામમાં તે બંને ભુલકાંઓ મોતની નીંદમાં આખર થયાં અને બીખીની પાછળ બીખીની તે બંને "આંખની કીકી" અને બીખીની યાદગારી નાબુદ થઇ જઇ નીસતી પામ્યાં.

પણ ખુની ખટલાને શું કુદરત મુકે? યા તેની મદદગાર દીનઇને શું કુદરત જવા દે?

નહી, તેઓનોબી આંકો હવે જલદીથીજ નજદીક આવતો હતો.

વખત જતાં ગામમાંના એક બીજા પારસી ખેડુત ૩૦ થી ૩૨ વરસના જવાન છોકરા નામે ધનજી ઉપર દીનઇનો ડોળો ખોઆયો અને તેણે છુપી રીતે તે ધનજી સાથે વેહેવાર રાખ્યો. ધનજીનો દેખઇતો યા બાતેનનો કોઇબી જાતનો પ્યાર દીનઇ ઉપર હતોજ નહી અને તે પોતાના બુરા શોખને ખાતર તે કસરેવજીથી ભરેલી ઓરત તરફ ખેંચાયો જો કે કુદરતી રીતે તે દીનઇના મોંહના ઉપર અને મોંહના ઉપરજ તેણીને ધીકારતો હતો અને તેણીની સાથે ઉંચે મોદે રહેતો હતો.

તે ધનજી અને દીનઇના બુરા કારસતાનથી પહેલાં તો ખુની ખટલો બીન વાકેફ રહ્યો પણ છેલ્લે તેને ખબર પડતાંજ તેણે તે બેઉને પકડવાનો કસદ કર્યો.

એક દીવસે દીનઇ જ્યારે ખટલો બહાર ગયો હતો ત્યારે ધનજીના ખેતરમાં ભરાઇ અને તેણે પોતાનો પ્યાર કરવા માંડયો મગર ધનજી થોડા વખત પછીના તેણીના પ્યારથી કંટાળ્યો જતો હતો. તેમ તેણીને ધીક્કારતો તેણીથી દુર બેઠેલો હતો.

કરપીણ દીનઇ! તેણીનું પાકી ગયું. તેણી ધનજી ઉપર સરબસર મોહી પડી હતી અને ધનજીને દુર જતો જોઇ તેણી ઉશકેરાઇ આવી.

તેણીએ એક બીજી કોશેશ કીધી અને ધનજીને જોરજબરજસ્તીએ વળગી પડી એક ચુમી લીધી—પણ તેજ વખતે વહેમાયલા અને ચોરી પકડવા આવેલા ખટલાએ ઝાડીની પાછળથી દીનબઇનું તે પગલું જોઇ લીધું અને તે અંગારથી જળતો હોય તે મીસાલે ગરમ થઇ જઇને બકરાં રેંહસવાની મોટી છરીની ધારને તપાસ્તો તે ઝાડી પછવાડે મારવાની રાહ જોતો ઉભો રહયો.

દીનબઇએ ચુમી તો લીધી પણ ધનજીએ તેનો ઉતર નહી વાળતાં દીનબઇને ધકકો મારીને નાંખી દીધી.

ધકકો ખાવા પછી દીનબઇનું લોહી ઉકળી આવ્યું, તેણી આજુબાજુ ખેતરમાં જોવા લાગી, તેણીને એક દાતરડું પડેલું જણાયું, જે ઉંચકી લઇને જયારે ધનજીની નજર તેની ઉપર નહી હતી ત્યારે ખેતરમાંથી ચાલી જતાં ધનજીના ખંભા ઉપર જોરથી તે દાતરડું માર્યું.

એક લાંબી ચીસ સાથે ધનજી ભોંય ઉપર મુરદુ થઇને પડયો કે તેજ વખતે દીનબઇના પાંસરાંમાં બકરાં રેંહસવાની એક લાંબી તેજદાર છરીએ જગ્યા લીધી.

દીનબઇ ચીસ નાખીને ભોંય ઉપર મુરદુ થઇને પડી.

* * *

થોડા દીવસ પછી બીલીમોરામાં બુમ ઉડી રહી કે ભીખી અને દીનબઇનું ખુન કરનાર ખટલો ખુની આપઘાત કરીને મુઓ હતો.

ઝરીનાના બે આશકો.

મસુદ અને મોહસીન એ બંને જાની દોસ્ત હતા, બંનેને એકમેકના વગર ચાલે નહી એવું હતું.

મસુદ મુફલેસ હતો, મગર હુનરથી તે દોલતમંદ હતો. મોહસીન જો કે કંઇક તવંગર હતો. મગર હુનર, ધંધો યા નોકરી તો તેના બાપે કીધી હોય તેજ કારણ કે બીલકુલ "આખાખાઉ" અને કંઇ જરા "ભેજાંના ભુસા"થી કમતી હતો.

મસુદનો ચાલાક ધંધો તે નકશ પાડવાનો તેનો હુનર હતો અને તસવીરો આબેહુબ પાડવામાં તે એટલો બધો તો કાબેલ હતો કે હેદરાબાદનો આખો મુલક તેની તે હુશીયારી ઉપર મરી પીટતો હતો.

નાનપણથી મસુદ અને મોહસીન મીત્રો હતા અને તેઓની મીત્રાચારી રફતે રફતે વધીને ઘણી મોટી હદ સુધી ગઇ હતી, પણ એક પરીસુરત ઓરતની હસીન સીરત ઉપર બન્ને જ્યારે સાથે લલચાઇ પડયા ત્યારે તે દોસ્તીમાં વેરનો દસ્ત સામેલ થયો. બેગમ કુલસુમની એકપુરી બેટી ખુબ સુરત ઝરીના ઉપર મસુદ જાનો જીગરથી પ્યારમાં હતો, તો મોસીન માથાથી પગ સુધી મહોબતમાં હતો.

એક રોજ જ્યારે ઝરીના પોતાની વહાલી મા સાથે મસુદના નકશખાનામાં આવી ત્યારે મસુદ અને મોહસીન સાથે વાતો કરતાં બેઠાં હતાં. બુઢી કુલસુમને જોઇને મસુદ તુરતજ અદબઅદાથી ઉઠી ઉભો થયો અને શી ફરમાસ હતી તેનો ઘણોજ નરમીથી સવાલ રજુ કીધો.

"મારા ધારવા મુજબ, જો હું ભુલતી નહીં હોઉં તો, મસુદખાન મેહબાદીનો નકશ ઉતારવાનો આજ સટુડીઓ હશે" તે બુઢીએ ઇંગ્રેજી જાણવાની કંઈ પોતાના વાકયમાં નીશાની બતાવતાં નરમ સવાલ કર્યો.

"હા, નામવર બાનુ," મસુદે તેટલીજ નરમીથી જવાબ કરયો જ્યારે મોસીન તેના મીત્રની અદબ–અદા જોઇ કંઇ કચવાતો લાગ્યો, "કંઇ ફરમાસ છે બાનું?"

"હાજી." તેણીએ જવાબ કર્યો "મસુદખાન સાહેબ પોતે હ્યાં હાજર છે?" જ્યારે તેણી તે સવાલ કરતી હતી ત્યારે તેણીની બેટી બુરખા તળેના પોતાના લાલ હોઠો દાબી દઇ અચ્છી ગઉરથી મસુદને તપાસતી હતી.

"હાજી, અંહીઆજ તે કમતરીન હાજર છે." મસુદે લાયકીથી કહ્યું "અને તે તમારો ગુલામ તમારી સામે ઉભેલો, તમારી સાથે વાત કરતો સેવક પોતે છે."

"ઓહો! તમે મસુદખાન કે?" તે બેઉ મા–દીકરીથી એકાએક બુમ પડાઇ ગઇ.

વાત આગળ ચાલી અને કુલસુમે પોતાની બેટી ઝરીનાને ચેહેરાની આબેહુબ તસવીર "પેન્ટ" કરી આપવાનો હુકમ મસુદને આપ્યો.

ગોઠવણુ થઇ અને બુરખો કાઢીને મસુદની સામે ફક્ત પંદર મીનીટ બેસવાની ફરમાસ ઝરીનાને કરવામાં આવી કે જેથી મસુદને "રફ" તસવીર ઉઠાવી લેવાનું બની શકે.

ઝરીનાએ બુરખો ઉંચકયો.

તે લાલ રૂખસારા, તે કાલી કાલી આંખો અને ગુલાબી હોઠો ઉપર મસુદ અને મોહસીન બંને દીલમાં જખમી થઇ ગયા. પ્યારની બળતી કાંડીએ મોહબતના ધાસમાં પોતાની જગ્યા લીધી તો આગનો જનમ કાંય નહી થાય?

તે પંદર મીનીટ પુરી થઇ ગઇ જે વખત મસુદને મનથી એક સેકંડ જેટલો લાગ્યો કારણકે તે ઇચ્છતો કે તેના હાથ ચાલેજ નહી અને વધુ વખત પસાર થઇ જાય તો તેની મનની મુરતીનો દીદાર કંઇ વધુ વખત સુધી તેને જોવાને બની શકે. વામાટામાં કરતાં માત્ર બીજી પાંચ મીનીટ વધારે તે બુરખો ઉંચે રખાવી શકયો પણ આખરે તેની કલમે કામ તમામ કીધું અને ઝરીનાના બુરખાએ પોતાની જગ્યા તેણીના અનારી રંગના ચેહેરા ઉપર લીધી.

તે તેઓના મનની મુરતી ગઇ, અને આગના શોહલા એવાતો લગાવતી ગઇ જે આગ કોઇબી બીજા પાણીના મારાથી નરમ પડે નહી સીવાય કે—ઝરીના, અને ઝરીનાનો પ્યાર.

તે તસવીર વાયદા થયલા અરસા કરતાં વધારે જલદી તૈયાર કરવામાં આવી, અને તઇયાર થઇ રહેતાજ મસુદના લબોએ તે જીંદગી વગરના પુતલાંને કાંઇ સેંકડો કરતાંબી વધુ વખત ચુંબન કર્યું હશે.

મુકરર કરેલો દીવસ આવ્યો જયારે કુલસુમ અને ઝરીના પાછા સાથે તે તસવીરની ખરીદી માટે આવ્યા. તસવીર ઘણીજ સરસ રીતે થયલી બેઉ જણીઓએ જણાવી અને ઝરીનાએ તો તે જોયા પછી "શાબાશ"નો ઉદગાર કહાડયો.

તસવીરની કીમત ભરવામાં આવી અને મસુદે તેનું બીલ લખીને ઝરીનાને આપ્યું જે વખતે કુદરતી યા ઓચીંતું તેનાથી ઝરીનાના કાન-પર પડી બોલી જવાયું. "મારી પ્યારી બુલબુલ, સદા સુખી રહેજે."

મસુદ બોલ્યો તો ખરો, મગર બોલી રહયા બાદ તે બીલકુલ પસતાયો. શું તે પાગલ બની ગયો હતો યા દીવાનો બન્યો હતો કે એક પારકી

છોકરી સનમુખ તેણે આવો વાકય ઓચર્યો હતો? શું તેના મગજ પરનો કાબુ તેની ઝબાને લીધો હતો, કે તેની સુધીની લગામ બેબાખરાની ધુંઈએ પકડી પાડી હતી? તે સમજી શકયો નહીં, પણ તે જે બોલ્યો તે માટે સામી બાજુથી ગુસ્સો લેવામાં આવ્યો નહી હતો, મગર અઉર હસી અને ખુશીનો એક પ્રગટ છાપ ઝરીનાના ચહેરા ઉપર ફરી વળ્યો હતો.

તે વખતબી ગયો, અને પાછા એક દીને મસુદ અને મોહસીન સાથે બેસી ગુફતેગો ચલાવતા હતા તેટલાં એક કાગળ ડાકવાળાએ લાવીને મસુદના હાથમાં મુકયો.

તે કાગળ ફોડી મસુદે વાંચ્યો, અને તે વાંચવા સાથેજ તેના તન--મનમાં ખુશાલીનો એક એવો રોહ પસાર થઇ ગયો કે જે રોહ કોઇ શરબતની નદીનો હતો કે ઠંડકના દરીયાવનો હતો તેની મસુદને ખબર પડી નહી.

તે કાગળ નીચે મુજબનો લખાયલો હતો:—

"વહાલા નકશકાર,

તમને મીયાં મસુદથી ઓળખવો, મસુદખાનથી પીછાનવો કે મસુદથીજ જાણુવો તેની મને સમજ પડતી નથી.

તમારા ઉમદા હુનર માટે હું તમને ઘણી ઘણી સાબાશી આપું છું. મારી તસવીર બીલકુલ આબેહુબ છે અને તે જોઇ હું મારા તન-મનથી રાજી થઇ છું.

તમારૂં બીલ આપતી વખતે તમોએ જે વાકય ઓચરયો હતો તે વાકય જો કે તમારે બોલવો લાજેમ ન હતો, મગર તે વાકય તમો બોલ્યા છો તો તમને તે માટે વાજબી શીક્ષા કરવી જરૂરની છે. શીક્ષા તરીકે તમને મારી સાથે પરણવું પડશે અને તમારા જીગરમાં મારાં દીલને જગ્યા આપવી પડશે.

થોડે લખવે ખચીત કરીને ઘણું જાણુજો અને તમારો શો પ્યારો જંવાબ છે તે ઘણી ઉતાવળે લખી વાળજો."

લી૰ સદાની તમારી થવા ચાહતી,

કમતરીન ઝરીના.

મસુદ ખુશી થઇ ગયો પણ મોહસીનના પેટમાં જવાળા બળવા લાગી. તે તેજ વખતથી મસુદપર અદેખો બન્યો અને વરસોની તેની દોસ્તીપર પાણી ફરી ગયું.

તે—તેનુ દીમાગ—તેનું બદન મસુદને ધીક્કારવા અને મસુદપર નફ્રત કરવા જેવું થઇ ગયું.

તરછોડ કરીને તે ત્યાંથી ચાલી ગયો અને મસુદનું "મુએ મોઢું નહીં જોવાના" સોગંદ ખાઇને ગયો.

તેને ગયાને અરધો કલાક વહી ગયો કે તે વખતે મસુદે ઝરીનાપર જવાબ લખ્યો અને તેમાં તેણે તેણીના પ્યારને જીતવા માટે પોતાને ખોદાની મેહેર મળેલી જણાવી પોતાને મોટો કીસમતદાર માન્યો.

ઝરીનાના જવાબની મસુદ "કાગને ડોળે" રાહ જોવા લાગ્યો અને દરરોજ અને દર પળ તેને જમાના જેટલી લાંબી દીસવા લાગી.

લગભગ ત્રણ દીવસ પસાર થઇ ગયા અને જે ઘડી જતી તેમાં ઝરીનાનો કાગળ મળવોજ જોઇયે તેની આશામાં મસુદ ગીરફતાર હતો.

ચોથા દીવસની સવારના પોહોરમાં હેદરાબાદના જંગી તળાવને કીનારે મસુદ વીચારમાં ગુંટાયલો ફરતો હતો જે વખતે તેને કોઇ બુઢા યાહુદીને બડબડ બડબડ કરતો સાંભળ્યો. એકાએક તે યાહુદીની નજર મસુદ ઉપર પડી કે તે બોલી પડયો.

"સલામ અલેકુમ."

"અલેકુમ-અસ-સલામ" તેનો જવાબ મસુદે દીધો.

"આપ મેહેરબાન કોઇ મોહસીનખાન અશરફી નામના જવાન શખસને પીછાણો છો?"

"હું,-હા." એકદમ અને એકાએક તે યાહુદી દીવસને તે બામદાદને વખતે મળી ગયો હતો અને એકદમ તથા એકાએક તે તેની સાથે વાતમાં ગુંથાઇ જઇ તેનાજ મીત્ર વીશે સવાલ કરવા લાગ્યો તે માટે અજાયબી પામી જઇ ટુંકમાં હકારમાં જવાબ દઇ મસુદ પેલા યાહુદીનો ચહેરો જોતો ઉભો..

"તો સાહેબ મને તેનું ઘર બતાવશો?" પેલા યાહુદીએ પુછ્યું.

"શું મુઝાકો છે?" મસુદે કહયું "મગર સાહેબ પાસે મારે એક ચીજ માગી લેવી છે. તે ચીજ એ છે કે જો કે મોહસીન સાથે મને અતીશય સારૂ હતું પણ હાલ તે દોસ્તી તુટવાને સબબે હું જાતે તેના ઘર સુધી તમો સાહેબને પહોંચાડવા આવી શકવાનો નથી. હું તમને ઘરની નીશાની બતાવું અને તમો ત્યાં જઇ શકશો."

તેટલું બોલી રહી એક મીનીટની ચુપકીદી અખત્યાર કરી મસુદ પાછો બોલી ઉઠયો "સાહેબને કહું જે મોહસીન સાથે સાહેબને કંઇ ઘણું અગત્યનું કામ હશે?"

"હાજી," પેલા યાહુદીએ જવાબ દીધો "થોડાક માલના સંબંધમાં રૂ ૨૦૦૦ ની કીમતનું મોહસીન ઉપર મારૂં લેહણું નીકળે છે." અને તે યાહુદીએ તેટલું બોલી બીજી વાત કાઢી "અને અત્રેના કુલસુમ બેગમ દફતરી નામની હેદરાબાદી બાનુ ઉપર પણ મારા કેટલાક પઇસા નીકળે છે."

"કુલસુમ બેગમ દફતરી ઉપર?" મસુદે સવાલ કીધો.

"હાજી" તે યાહુદીએ પોતાના ખીસામાંથી તપકીરની ડાબરી કાઢીને તેમાંનો એક સહરૂકો ખેંચતાં કહયું. "તમો કંઇ તેવણનેબી ઓળખતા હોય તેમ મને લાગે છે."

"હા, સાહેબ."

"મારા આશરે એક હજાર જેટલા રૂપીયા તેમના ઉપર નીકળે છે" યાહુદીએ ચલાવ્યું "લોકો કહે છે કે તે બાનું કંઇ થોડી માલદાર છે જયારે કેટલાકો કહે છે કે તેનો તો બધો ભરમ-સરમ છે. બાકી રૂપીયા બુપીયાની તો તેના ઘરમાં મારામાર છે. આપુને તો તે બામે રસ્તા પકડવા છે."

"તે કેવા રસ્તા છે?" પોતાની ઝરીનાની માતાના સંબંધમાં વાત નીકળવાથી મસુદની જીજ્ઞાસા વધારે ખેંચાઇ અને તેણે ચપ દઇને યાહુદી શું કરવાનો હતો તે પુછવા માટેનો પોતાનો સવાલ તરતને તરત રજુ કીધો.

"એક તો એ કે ડોશી પઇસા આપે તો લઇને ચાલતી પકડવી નહીં તો ડોશીની એક પરી જેવી છોકરી છે તેને પરણી જવી."

"તમે તેને પરણશો?" ફાળ ખાધી હોય તેમ બીહને તથા ધ્રુજી પડીને મસુદ પોકારી ઉઠયો.

"હાસતો વરી" યાહુદીએ ઠંડે કલેજે જવાબ દીધો "હા, હું જાણું છું કે તમો તે છોકરી ઉપર પ્યારમાં છો અને તમારા તે પ્યારની વાતની વીગત મેં ગઇ કાલેજ અત્રે હેદરાબાદમાં જાણી લીધી હતી. હું નહી ધારતો હતો કે તમો મને આજે સવારના આ તળાવ આગળ મળશો પણ કુદરતનો રસ્તો કોઇ ઓર વલણપર ફરયો છે અને આપણે મળી ગયા છીયે."

"તો સાહેબ" લાલ-પીળો થઇ જતાં મસુદ પોકારી ઉઠયો. "તમો જાણો છો કે તે છોકરી અને હું બેઉ એકમેકના પ્યારમાં છીયે છતાં મારા મોંઢા સામે 'તમારા પરણવા' વીશેની વાત કરીને તમોએ મારો પીતો ઉછાળવાની ઘણી નીચ કોશેશ કરી છે."

"તમો મોઢું સંભાળીને વાત કરશો તો ભલેભલું છે." પેલા યાહુદીએ પોકાર મારયો "નહી તો 'નીચ-ફીચ'નો સવાદ તમો બરોબર ચાખશો" અને ડોળા પંર ડોળા કકડાવતાં તેણે મસુદને જોયા કીધું.

"હું ધારૂંછ કે 'ચોર કોટવાળને દંડે' તેવી વાત તમો કરો છો. મગર તમોને ખબર છે કે તમો મારી વહાલીને માટે એકબી આડો સુખન ઓચરો તો હું તમારા ફુરચેફુરચા ઉરાડી મુકવાને શકતીવાન છું."

"હું તારી તે વહાલી—બહાલી માટે એક વખત છોડીને દશ વખત બુરૂં બોલશ" તે હલકા યાહુદીએ છેડાઇ પડી સ્ટીમ છોડી મુકી "તેની મા પાસે પઇસા નહી હોય તો તે પઇસા તારે આપવા પડશે અને જો તારી પાસે નહી આપવાના હોય તો હું ઝરીનાને પઇસાના બદલામાં ઉંચકી જવાને મારૂં બનતું કરીશ."

હજી તે યાહુદી તે વાકયમાં કાંઇ વધારે ઉમેરો સુમેરો કરે તે આગમજ મસુદનો ચેહેરો ફેરફાર થઇ ગયો અને તેણે હાથ ઉગામી એક સજ્જડ તમાચો પેલા યાહુદીના લમણા આગળ એવો તો ખેંચી કહાડયો કે યાહુદીની આંખે અંધારા આવી ગયાં અને તે તમ્મર ખાતો ખાતો ભોંયપર અફળાયો.

ત્રણ મીનીટ પસાર થઇ ગઇ છતાં પેલો યાહુદી ભોંયપરથી ઉઠયો નહી તેથી મસુદના ગાતર ગગડી ગયાં તેણે ગુઠણએ પડીને તે યાહુદીને તપાસયો અને તેજ વખતે તેનો ચહેરો ફીકોફચ પડી ગયો, કારણ તેને લાગ્યું કે તે યાહુદી તમાચો ખાવા પછી મુરદું થઇ પડયો હતો.

તેની છાતી ધડક ધડક ઉડવા લાગી અને એક ખુનીની જગ્યા તેણે પોતે રાખી હતી તેના પાપી વીચારથીજ તેનું હઇયું ભરાઇ આવ્યું અને તેની આંખમાંથી આંસુનાં ટીપાંઓ દડદડ ઉતરવા લાગ્યાં.

તે રડતો બેઠો હતો જ્યારે તેણે પોતાની પાછળ કોઇ આદમીના પગલાં આવતાં સાંભળયાં. કોઇ ચોપદાર હોય તેના ખયાલથીજ તેને ધ્રુજરી ચડવા લાગી અને તેણે બીહતાં બીહતાં પોતાની નજર પાછળ ફેંકી—તો તેને શું જોયું ?

તેનું "મુએ મોંઢું નહીં જોનાર" તેનો આગલો મીત્ર અને યાહુ-દીનો કરજદાર મોહસીન ત્યાં આવયો હતો.

મસુદે કાંઇબી સુખન કાઢયો નહીં, મગર મોહસીનજ પહેલા બોલ્યો.

"શું છે મસુદ, એ તારી પાસે કોણ પડેલું છે?"

મસુદના જીગરમાંથી ઉપલો વાકય સાંભળી એક નીશાસો નીકળી પડયો.

"અફ્સોસ! દોસત મોહસીન" તે બેબાખરો થઇ જઇ બધું ખુલ્લું કરતાં બોલ્યો "એ એક યાહુદી છે. એ તારો અને મારી ઝરી-નાની માતાનો એક માંગનાર છે, ઝરીનાની મા પાસે એના એક હજાર રૂપીઆ જેટલા પઇસા નીકળે છે અને તે પઇસા જો કુલસુમ તરફથી નહીં મળે તો ઝરીનાને ઉંચકી જવાની શેખાઇનો સુખન એણે કાઢયો અને તેના પરાણામમાં મેં એક તમાચો ખેંચી કાઢતાં એવી હાલતે તે પડયો છે."

"ફકત એક તમાચો?" મજાક. મશકરીની ઢપે મોહસીને પુછયું "અરે નહીંરે કંઇ બીજુંબી વધારે તેં મારયું હોસે!"

"નહીરે, ફકત એકજ તમાચો."

"જોઉં તો ખરો એને શું થયું છે." મોહસીને થોડો થોડો થઇ જવાનો ઢોંગ કરીને યાહુદી પાસે બેસી જતાં કહયું.

તેણે યાહુદીને તપાસયો, તે વખતે તેને લાગ્યું કે યાહુદી મરણ પામ્યો નહીં હતો છતાં તેણે ગભરાયલા મસુદને વધારે ધ્રુજાવ્યો.

"મસુદ, તેં તો એનો સાફ-સાફ નીકાલ કાઢી નાખ્યોછ, બાકી કાંઇબી રહયું નથી. પોલીસના માણુસોને ખબર પડતાં તારો ધાણુ નીકળી જશે અને ખુનીની ફેજે પુગતાં જોઇને તારી ઝરીનાં ઝાર બેઝાર રડશે. મારૂં માને તો તું અહીંથી પસાર થઇ જા—વાત ઠંડી પડે ત્યાં સુધી હેદરાબાદથી વંજો માપી જા."

આખરે મોહસીન મસુદને હઇદરાબાદથી નહસાડવામાં ફતેહ પામ્યો, તે ભારી દીલે હઇદરાબાદથીજ ગયો—તેને જવા કેમ ગમે? તેની ઝરીના હઇદરાબાદમાં હતી અને તેની ઝરીનાનો તેના તરફનો પયાર હઇદરાબાદમાંજ હતો પણ તે ભારી દીલે ગયો અને છેક બગદાદ તરફ નીકળી જવાની તેના મીત્ર મોહસીને બહોંશ કીધી.

યાહુદીનાં મુદડાં આગળથી તે ઉડીને ગયો કે તેજ વખતે મોહસીને એક ભારી પથરો ઉંચકીને બેસુધ થયલાં યાહુદીનાં ભેજામાં મારી યાહુદીનું ખુન કરયું અને તેનાં મુડદાને તળાવનાં પાણીમાં ફેંકી દીધું.

તે ખુન કરવામાં મોહસીને જાણે એક કાંકરે ત્રણ પક્ષી પોતા ઉપર કાંઇબી પાપ ઢોળયા વગર મારયું હતું. પેહેલું પક્ષી મારયું તે તે એકે યાહુદીનું ખુન મસુદેજ કીધું હતું તેની મસુદને યાદ આપી તેને પોતાના ચોંપ તળે દાબેલો રાખવો, બીજું તો એ કે તેને તેમ કરીને પોતાના માંગનાંરનો ઠંડા પાણીએ કાસળ કાઢયો હતો અને ત્રીજું તો એ કે તેણે મસુદને ખુની જણાવી તેને બગદાદ નસાડી હવે પછી ઝરીનાને પોતાની કરવાનો તમામ ખયાલ રાખ્યો.

યાહુદીને મારી નાખી તેના મુડદાંને તળાવમાં નાખી દેતી વખતે તેના મુખમાંથી જે વાકય નીકળી પડયો તે જાણે તેના દીલ ઉપરથી પથરનો મોટો બોજો ઉઠાવી લેતો હતો. તે બોલ્યો—

"આહા! ઝરીના, ઝરીના, હવે તારા પયારની તો ફકત મારા જીગરમાંજ હસતી રહેશે."

*　　　*　　　*

છ મહીના તમામ થઇ ગયા અને તે અરસામાં ઝરીના પોતાના પયારા મસુદના એકાએક ગુમ થવાથી અજાયબીમાં અને તમામે તમામ વખત તેની ગેરહાજરીની ગમગીનીમાં રહી. યાહુદીની લાસ સતાવાળાઓને હાથ ખુન પછાને ત્રીજે દીવસે તળાવમાંથી લાગી હતી અને હેદરાબાદના

પત્રોએ તેની વીગત આપતાં "કોઇ હેદ્રાબાદમાં નવા આવેલા યાહુદીએ નહી જણાયલા ચોકકસ સબબથી તળાવમાં પડી આપઘાત કીધો હતો" તેનો બે ત્રણ કોલમ ભરીને સીલસીલાબંધ રસરસતો હેવાલ રજુ કીધો હતો.

ઝરીનાને પોતાની કરવા માટે તે છ મહીનાની મુદતમાં મોહસીને ઘણું ઘણું કીધું પણ ઝરીના કંઇ એવી જાતની ઓરતોમાંની એક નહી હતી જે પોતાનો પયાર એકને આપયા બાદ બીજાની લાલચપર મોહી પડી પયારના આપેલ્લાં પોતાનાં વહાલાના વચનને બેવફા નીવડે. ઝરીનાએ તો મોહસીનની સઘળી મોટામાં મોટી લાલચોને ઠોકરે મારી અને એકવાર તો મોંઢે ચઢીને મોહસીનને હીમતથી તેણીએ કહયું કે, "તું ગમે તેવો પોતાને તવંગર ઓળખાવતો હોય, તું ગમે તેવો પોતાને ખુબસુરત લેખાવતો હોય, મગર મારા વહાલા મસુદની જુતીએબી પુગવાને તું લાયકનો નથી."

તે હીમત ભરેલો એક ઘણોજ આફરીનકારક જવાબ હતો અને તે દીવસ પછી ઝરીના સનમુખ જવાનીબી મોહસીને હીમત કીધી નહી.

મોહસીન એક કાચા મગજનો દોસત, એક ખુની અને પયારમાં હારેલો નાસીપાસી પામેલ્લો જવાન પુરવાર થયો હતો. તેનો ખયાલ એ હતો કે મસુદના જવાથી તેનો ઝરીના ઉપરનો પયાર નીસતી પામયો હતો, મગર તેણે તે ખયાલમાં સજ્જડ ગોથું ખાધું હતું. કારણ ઝરીનાએ તેને જે રીતે મચક નહીં આપી હતી તે રીતથી સાબેત થવા પામ્યું હતું કે તેનો પયાર હસતીને બદલે નીસતી પામી ખરાબીના ખડક સાથે અથડાઇને ચુરેચુરો થઇ ગયો હતો.

તેની કથામાં જીત થઇ હતી નહીં. નહીં પયારમાં કે નહીં તેના પાનાના બનાવેલા ઘર મીસાલના કરરભુસ થઇ જનારા ખયાલમાં.

તેનું મન ઉચત થઇ ગયું, તેના ખુનના બુરા કામનો ભયંકર છાપ દર રાત્રે તેના સ્વપનામાં આવતો અને તે બુરા સ્વપનાથી તે દહાડે દહાડે પાગલ બનયો જતો હતો.

તે હવે ઇચ્છવા લાગ્યો કે તે પોતાના મીત્ર મસુદને બોલાવીને તેની પાસે માફી માગી લે, પણ તેની પોતાની આબરૂ માટે તે બીહવા લાગ્યો.

મગર રફતે રફતે તેના મગજનો મામલો એવો ખરાબ બનતો ગયો કે તે હવે પોતે શું કામ કરતો અને બજાવતો તેની તેને સમજ રહેતી હતી નહી.

આખરે તેણે મસુદપર એક કાગળ લખી તેમાં પોતાનું સઘળું પાપ જાહેર કરી દીધું અને તે પછી સખત આરસાનીકના એકજ ટીપાંથી તેણે પોતાનો આંકો લાવી મુકયો.

તે આરસાનીકનાં ટીપાંએ તેની ધાંટીમાં જતાંજ પોતાનું જીવલેણ કામ પાર ઉતારયું અને એક પળના અરસામાં મોહસીન દમવીનાનું મુરદું થઇ પડયો..

મોહસીન દુનીયાથી ગયો, તે અને તેનો ઝરીના માટેનો પયાર નીસતી પામી નાબુદ થયો. તેનો કાગળ મસુદને પહોંચ્યો અને મસુદ હેદરાબાદ આવ્યો.

મસુદ પોતાના મીત્રની નાદાનીયત ઉપર અફસોસ કરી તેના આપઘાત ઉપર આંસુનાં ટીપાંઓથી રડયો.

થોડા દીવસ વધારે અને મસુદ તથા ઝરીના પરણીને એક થયાં.

તે બંને સુખી ધણી ધણીઆણી ભવીશયમાં પણ મોહસીનના મરણ માટે યાદ થતાં ઘણું ઘણું રડતાં.

નંબર ૩૬ વાળાં ઘરનો ભેદ..

નંબર ૩૭ વાળાં ઘરમાં હું રહેતો હતો. અમારૂં ઘર કુશાદે અને મોટું હતું અને ઘણા માણસોની તે રસ્તાપર આવજાવ નહી હતી અને ગાડી ઘોડા કોઇ જવલેજ પસાર થતા હતા. સુમસામ ગામડાંનાં જંગલમાં એક ઝુપડું બાંધીને કોઇ ખેડુત રહ્યો હોય તેવો બધો મેહમાર હતો અને અમો જે સંખ્યામાં ચાર જણાં હતાં તે આખાં ઘરમાં વસ્તાં હતાં. અમારાં ઘરને ૩૭ મું નંબર હતું અને અમારી પાસેનાં એક બેઠાં નાના ઘરને ૩૬ મું નંબર આપેલું હતું. એ ઘરમાં કોઇજ વસ્તું નહી હતું. અને બારે માસ ખાલી પડી રહ્યું હતું. નંબર ૩૬ મું ઘર વેચવાનું છે એવી વાંત મેં થોડાક દીનપર સાંભળી હતી અને તે પછી કેટલેક વખતે

મેં બે પરદેશના માણસો જેવા પુરૂશોને તે ઘર જોવા આવેલા દીઠા. તેઓ બંને કોઇ જાડા બટકા અને જરાક ઝનુની દેખાવના લાગતા હતા અને તેઓએ નંબર ૩૬ વાળાં ઘરને બરોબર બહારની બાજુથી તપાસી રહીને પછી અમારાં ઘર તરફ નજર કીધી. મારી અને તે બંનેની નજર એક થઇ અને તે જોઇ મેં સલામ કરીને આંખ ફેરવી લીધી. તેઓએ મારી સલામનો પાછો જવાબ આપ્યો કે નહી તે જોવાની દરકાર કીધા વગર મેં આંખ ફેરવી નાખીને મારા ઓરડામાં ચાલ્યા કીધું. તે પછી હું મારી લાયબ્રેરીમાં ગયો અને ત્યાં વાંચવા બેઠો અને ત્યાંને ત્યાં મેં બે કલાક ગાળી નાંખ્યાં અને હવા ધોરવાને વાસ્તે મેં પાછું બારીએ દોકયુ કીધું તો મને પેલાજ બે સખ્શો તે ઘરની અંદરથી બહાર નીકળતાં જણાયા, તેઓ વારંવાર અમારા ઘર તરફ જોતા હતા અને કાંઇ મસલત કરતા હતા અને વળી પછા નંબર ૩૬ વાળાં મકાનને તપાસતા હતા. દેખઇતું હતું કે તેઓએ બે કલાક સુધી નંબર ૩૬ વાળાં ઘરમાં જઇને તે ઘરને તેઓએ બરાબર તપાસ્યું હતું. જો કે તે લોકો મને કાંઇ શકની નજરથી જોતા હતા પણ તેની મને જરાબી કનવાર નહી હતી, કદાચ તે લોકો મને યા મારાં કુટુંબને કટકટખોરાં માની લઇને કાંઇ શકીલા બન્યા હોય, પણ મને જો તેઓ ખુલાશો પુછે તો હું મારી ખાતરી આપું કે મારા માતાજી, મારા પીતાજી અને મારી બેન ઘણુંજ એક મારગી હતાં અને હું પોતેબી તેઓના જેવાજ સવભાવનો હતો. અમને જેટલી લોકની કનવાર ઓછી થાય તે વધારે ગમતું હતું અને તેથીજ અમોએ અમારા એકમારગી ખવાસ મુજબતું અમારૂં એકાંત નંબર ૩૭ વાળું ઘર આ એકાંત મોહોલામાં લીધું હતું. ઉલટું નંબર ૩૬ વાળાં ઘરમાં કોઇ કચબાર સાથનું ભાડુંત આવે તે જરાક કરીને મને ગમતું નહી હતું અને એ ઘર ખરીદનારાઓ મને પહેલેથીજ જરા મીજાસી દેખાવના માલમ પડયા હતા, તો પછી કેમ પાટલો ફાવશે એ વાતનો હું અંદેશો કરતો હતો. પણ અમે કયાં તેમને ઘરે જનાર હતા કે અમારે ઘરે તેઓનાં કુટુંબીઓ આવે તો કયાં ઘણી દરકાર કરવાના હતા જે તેઓ સાથે જંજાળ ઉભી થવાનો અમને જરાબી ભય રહે? છો પડયા તેઓ— ગમે તે આવે ને ગમે તે રહે તેની સાથ અમને કશી ગરજ નહી હતી અને અમને તેમની કશી પરવાહ કે કનવાર નહી હતી.

પેલા બે જણાઓ નંબર ૩૬ વાળું ઘર તપાસી ગયા ને એક મહીનો થઇ ગયો કે મેં એક રાતે રસ્તાપર કાંઇ ગડબડ થતી સાંભળી. અમારાં

એકાંત મોહોલ્લામાં રાતને છેડે કોઇ નહી ને આજે કોણ એટલી ગરબડ કરતું હતું તે વાતે મારી જીજ્ઞાસા ઉશકેરી અને દશ વાગ્યાનો સુમાર હતો અને મને બીછાને જવાનો વખત થયો હતો, છતાં હું બારી આગળ જઇને ઉભો રહયો. રસ્તામાં અંધારૂં કીન્ન હતું. જેથી કાંઇ જણાયું નહી પણ ઘોડાના પગલાં વાગવાથી મેં જાણ્યું કે ગાડીમાં કોઇ આવ્યું હતું. ગાડીમાંથી બે ચાર પુરૂશોનો ઘાડો જાડો સાદ આવતો હતો અને તેની સાથે કોઇ સ્ત્રીનો ઝીણો અવાજ ભેળાવલો માલુમ પડયો. એ ગડબડ નંબર ૩૬ વાળાં ઘરની બહાર થતી હતી મારા ઘરમાંના બધાં ઉંઘાઇ ગયા હતાં. મારો ઘણો વીચાર થયો કે હું બરોબર રીતે ગડબડ સાંભળી લઉં, પણ મારા એકમારગી ખવાસે મને તેમ કરતાં અટકાવયો અને હું વધારે કનવાર કે દરકાર કરયા વગર મારાં બીછાનાપર જઇને સુતો.

બીજી સવારે મેં નંબર ૩૬ વાળાં ઘરને જોયું તો દરવાજો બંધ હતો અને અસલ માફક બધું સુમસામ હતું. કોઇબી તે ઘરમાં હોય એવો જરાકબી સનસારો મને પડયો નહી. બપોરે અગ્યાર વાગતાને સુમારે જમી રહીને પાન ચાવતો ચાવતો હું બારીએ ઉભો હતો તેવામાં મેં એક બુરખાવાળી ઓરતને નંબર ૩૬ વાળાં ઘરમાં જતી જોઇ. તેણીનાં એક હાથમાં કપડાંથી બાંધેલું એક પોટલું પકડેલું હતું અને બીજા હાથમાં પાણીની એક ।।ની મસક હતી. તે ઓરતે પોતાના પાસેની એક ચાવીથી નંબર ૩૬ વાળાં ઘરને મારેલું તાળું ખોલ્યું અને તેમાં દાખલ થઇને તેણીએ બારણું અંદરથી બંધ કીધું.

તે ઓરત બહાર કયારે નીકળે છે તે તપાસવાની ઇચ્છાથી હું બારીએ ઉભોજ રહયો, ફકત અરધા કલાકના સુમારમાં તે ઓરત બહાર નીકળી અને તેણે તે ઘરને તાળું દીધું.

તે પછી તે ઓરત પાછી જણાઇ નહીં. તે એકલી આ ઘરમાં શું કામ આવી હશે તેનો મેં એક ઘડી સુધી ખ્યાલ કરયો પછી બીજીજ ઘડીએ મારો એ વીચાર મેં મારા દીમાગમાથી ખંખેરી કહાડયો. કારણકે મને લોકના કામમાં માથું મારવાની શી જરૂર હતી?

તે પછી ૧૦ દીવસ વીતી ગયા અને ૧૧ મે દીવસે હું મારે કામે ગયલો નહી હોવાથી મારા રાબેતાના વખતની મીસાલે હું ખાઇને પાન ચાવતો બહાર ઉભેલો હતો તેટલાંમાં પેલીજ ઓરત આવતી મને રસ્તાને

નાકેથી જણાઇ. તે ઓરતનાં એક હાથમાં અગાઉનીજ મીસાલે એક બાંધેલું પોટલું પકડેલું હતું અને બીજા હાથમાં પાણીની નાની મસક હતી.

આ વખતે હું કંઇક વીચારમાં પડયો. આ ઓરત બપોરના વખતે આ શું ચીજ લાવતી હતી અને તેનો જવાબ આપતાં મેં ખ્યાલ દોડાવીને કહયું કે તેણી ખાવાનું લાવતી હોય તેમ દીસતું હતું, કારણકે પેલાં પોટલાંનો આકાર કોઇ વાસણમાં મુકેલી ચીજોને મળતો હતો અને તે ચીજ તે બપોરનો ખોરાક હશે એમ મે અનુમાન કરયું અને વળી તે મારા અનુંમાનને પાણીના મસકે ટેકો આપ્યો કારણકે મેં પાકો ખ્યાલ બાંધ્યો કે ખોરાક ખાવા પછી પાણી પીવાના સાધન તરીકે તે મસકમાં પીવાનું પાણીજ ભરવામાં આવતુ હતું. પણ વળી બીજો વીચાર મને એ આવ્યો કે એ ઓરત આવા એક એકાંત અને જુનાં ઘરમાં ખોરાક લાવીને શા માટે ખાતી હશે આ ખ્યાલથી મને ચટપટ થવા લાગી.

તે પછી થોડોક વખત હું થોભી ગયો તો દશ દીવસની વાતપર જે રીતે તે ઓરત અરધા કલાકના અરસામાં પાછી ફરી હતી તેજ રીતે તેણી હમણાબી પાછી ફરી.

તે દીવસે હું આખો દીવસ બહાર ગયો નહી અને કોઇ નવો બનાવ જોવાના ખ્યાલથી હું બારીએ એક ચોપડી લઇને વાંચતો ઉભો રહયો. સાંજનો બતીનો વખત થયો કે ગલીને નાકેથી મેં પેલીજ ઓરતને એક હાથમાં એક બાંધેલાં પોટલાં સાથે અને બીજા હાથમાં પાણીની એક નાની મસક સાથે ચાલી આવતી જોઇ હું તાજુબ થયો કે આ કંઇ ભેદ હતો.

દુનિયાંમાં એવા તો કચ કંઇ બનાવ ને ભેદ થવા પામતા હશે તેની સાથે મને શું લાગેવળગે કરીને મેં તે વાતનેબી મારા ધ્યાનમાંથી તરછોડી નાખી.

તે વાતનેબી દશ પંદર રોજ વીતી ગયા અને હું એક બપોરે રસ્તા ઉપરથી પસાર થતો હતો તેટલાં મેં એક ગાડીમાં એક ઓરતને જોઇ. તે પેલીજ ભેદી ઓરત હતી એમ મેં તેના પહેરવેશ અને આકાર ઉપ-રથી જોઇ લીધું. ગાડી મારી ગલીને નાકે આવી કે એકદમ ઉભી રહી ગઇ અને પેલી ઓરત પોતાના એક હાથમાં એક બાંધેલાં પોટલાં અને બીજા હાથમાં એક નાની મસક સાથે તે ગાડીમાંથી ઉતરીને મારા ઘરવાળી ગલીમાં ચાલી ગઇ. આ વખતે હું અજાયબ થયો કારણ કે તે બાંએ ગાડીવાનને પઇસા કાંઇબી આપ્યા નહી અને તેણી જેવી ગાડીમાંથી ઉતરી

ગઇ કે ગાડીવાને તેણીના તરફ હસવાનો એક લેહેકો કીને ચાલુ મુકયું. આ એક નવો ભેદ હતો. આ ગાડીવાન સાથે એ ઓરતને શું નીસબત હતી અને તે ગાડીવાનની ગાડીમાં બેસીને એ ઓરત એ નંબર ૩૬ વાળાં ઘરમાં શું ફાંફાં બપોર—સાંજ મારતી હતી તેના વીચારથી મને જીજ્ઞાસા ઉત્પન થઇ.

એટલું છતાંબી અને એ ભેદી ઓરત માટે મને બબે ભેદ ગુંચવાયલા માલમ પડવા છતાં મેં મારા એકમારગી ખવાસ મુજબ ચુનોચરા કરવાનું મુકી દીધું.

વળી એક બપોરે હું જમી રહીને પાન ચાવતો ચાવતો બારીએ ઉભેલો હતો તેટલાં પેલીજ ઓરત મને ગલીને નાકેથી આવતી જણાઇ તેણીના એક હાથમાં આ વખતેબી એક બાંધેલું પોટલું અને બીજા હાથમાં એક નાની મસક હતી. આ વખતે ઘણા ધ્યાનથી હું તે ઓરતને જોવા પડયો. તે નંબર ૩૬ વાળાં ઘરના ઓટલાપર ગઇ અને તેણીએ પેલી મસક નીચે મુકી દઇને એક ચાવી કાઢી તાળું ખોલવા માંડયું. તાલું ખોલતાં અચાનક તેણીનો પગ સરી પડયો અને તેણી ભોંયપર પડી. ભોંયપર પડતાંજ તેણીનો બુરખો ખેંચાઇને ચીરાઇ ગયો. તેણી ભોંયપરથી ઉઠી ઉભી થઇ અને ફાટેલો બુરખો ખેંચી કહાડીને પેલી મસક ઉંચકી અંદર જવા ગઇ, બુરખો તેણીએ મોઢાં પરથી ખેંચી કાઢયો કે તેજ વખતે મેં એક ઘણો નવાઇ જેવો દેખાવ જોયો કે જે એક ત્રીજા ભેદનો સબુદ હતો.

તે સ્ત્રીને કાળી લાંબી મુછ હતી!!

આ જોઇ હું ઘણોજ તાજુબ થયો. હવે મારા દીલમાંનું ઠંડુગાર પાણી ઠંડુ રહેવાને ના પાડતું હતું. આ ભેદ શું હતો? ઓરતના વેશમાં આવતો આ ભેદી પુરૂશ બપોરના અને સાંજના ખાવાનું ભોજન અને પીવાનું પાણી અહીં શા માટે લાવતો હતો? સ્ત્રીના વેશમાં રહેવાની તેની શી મતલબ હતી અને એ ગાડીવાન કોણ હતો જે વગર પઇસે બપોર-સાંજ તે ભેદી પુરૂશને છેક આ ઘર સુધી લાવવાને બદલે ગલીને નાકે છોડી જતો હતો?

મારાં મનને હવે સમાધાની થઇ નહી. મેં આ ભેદ શોધવાનો વીચાર કીધો અને તે દીવસે મેં આખી રાત જાગીને કાંઇ નવો ભેદ

શોધી કાઢવાનો ખ્યાલ બાંધ્યો, મારા ઘરમાંનાઓ સુઇ ગયા કે હું બારી આગળ જઇને બેઠો અને નંબર ૩૬ વાળા ઘરમાં જોવા લાગ્યો. તે ઘરમાં બતી બળવાનો જરાકબી ઉજાસ પડતો નહી હતો અને કોઇબી માણુસ તે તરફ અથવા તે ઘરમાં આવતું જણાતું ન હતું. વખત વખતો ગયો અને સવારનું ઝઝકળું થયું તોબી કાંઇ માલમ પડયું નહી—નહી કોઇ તે ઘરમાં આવ્યું કે નહી કોઇ તે ઘરમાંથી બહાર ગયું.

તે ઉપરથી મેં અનુમાન બાંધ્યુ કે પેલો ભેદી પુરૂશ જે ઓરતના પોશાકમાં તે તરફ બપોરે અને સાંજે આવતો હતો અને ઘરમાં જઇ કંઇ ભેદી કામ કરતો હતો તે સીવાય બીજુ કોઇબી તે ઘરમાં જતું—આવતું નહી હતું અને રાતની વખતે તો તે ઘર ખાલી રહેતું હતું, તો પછી મેં વીચાર કીધો કે પેલો પુરૂશ નંબર ૩૬ વાળા ઘરમાં શું કામ જતો હતો તે રાતની વખતે એ ઘરમાં જઇને શોધવું જોઇયે.

તે આખો દીવસ મેં શું કરવું અને કેમ કામ કરવું તેનો ને તેનોજ ખ્યાલ કર્યા કીધો અને હું જાતે દીલાવર હોવાથી મેં તાલુ ભાગીનેબી તે ઘરમાં જવાનો વીચાર કીધો અને બીજે દીનની બપોર સુધી તે ઘરમાંજ રહીને પેલો ભેદી પુરૂશ આવીને શું કરી જાય છે તે જોવાનો કસદ કીધો.

રાતના દશેક વાગ્યાનો અમલ થયો કે હું હાથમાં એક બરછી લઇને ઘરની બહાર નીકળયો અને નંબર ૩૬ વાળાં ઘર આગળ આવી પુગ્યો.

એ ઘરના ઓટલાપર હજુ તો હું પગ મુકું તેટલાં તો મને કોઇએ ગલચીમાંથી પકડી લીધો.

"જાન ખોવાને એ કોણ નાપેકાર અહીં આવ્યો છે?", તે ગળચી પકડનારે બુમ પાડી.

આ અવાજ મને કોઇ ઓળખીતાનો લાગ્યો. મને મારા એક ગુમ થયલા પીત્રાઇના અવાજને મળતો આ બોલનારનો અવાજ લાગ્યો અને તેથી મેં અચાનક કહી દીધું. "કોણ હુસેન છે કે?"

આ સવાલ સાંભળી પેલાએ મારી ગળચી છોડી દીધી અને એક પળના વીલંબ પછી બોલ્યો "નંબર ૬૭ વાળા ઘરના તમો રહેવાસી છો?"

મેં હકારમાં જવાબ દીધો જે સાંભળીને તે માણુસ મને વળગી પડયો અને ઘણે લાંબે વખતે બે વાહલાં સગાઓ જે વહાલથી મળે ભેટે તે વહાલથી તેણે મને બગલગીરી કીધી.

તે મારો પીત્રાઇ હુસેનજ હતો.

"હુસેન, ભાઇ, આ નંબર ૩૬ વાળા ઘરમાંનો ભેદ શો છે?"

"ચુપ, આસ્તે આસ્તે બોલ, એ ઘરમાં કંઇ ભેદ છે ખરો ,અને તે ભેદ જો કે મને માલમ નથી છતાં મને તે ભેદનો પડદો ખુલ્લો નહી થાય તેની સંભાળીમાં રોજ રાતે અહીં રહેવું પડે છે."

"એટલે?"

"એટલે એમ કે આપણાં ઘરમાંથી ટંટો કરીને હું બહાર પડયો તે પછી મને એક ગ્રહસ્થ જેવા દેખાવના માણસે પોતાને ત્યાં નોકરીએ રાખ્યો, પણ તે આદમી રફતે રફતે રહેતાં મને માલમ પડયું કે એક ગ્રહસ્થ નહી હતો પણ ગ્રહસ્થોનાં ગજવાંપર કાપ મુકે એવો એક અફલાતુન બદમાશ હતો—નાચારીએ મને તેને ત્યાં નોકરી કરવી પડી, કેટલોક વખત ગબડયા કીધો અને હાલ થોડાક રોજ થયા મને અહીં રોજ રાતે રાતે ચોકી કરવી પડે છે. મને સખત હુકમ છે કે કોઇબી આ ઘર તરફ આવે તેને પહેલાં દમ ભરાવવો અને પછી તેના સીનામાં આ કાતીલ હથીઆર ચલાવી દેવું."

અહીં મારા પીત્રાઇએ મને એક આબદાર ખંજર દેખાડયું.

"ત્યારે તું જો મને નહી ઓળખતે તો મને આ દુન્યાપર જીવવાનુ નહી હતું કેમ?" મેં જરાક હસીને કહયું.

"હાસતો વળી" હુસેને કહયું "ભાઇ, મને ખબર હતી કે તું તારાં કુટુંબ સાથે નંબર ૩૭ વાળાં મકાનમાં રહે છે અને હું ઘણો ઇરાદો કરતો કે તારી પાસે આવીને મારી કહાણી કહી તું કેથે નોકરીએ લગાડે તો રહી જાઉં પણ મને અગાઉ બનેલા આપણા કુટુંબ વચ્ચેના કલેશને લીધે તારી આગળ આવવાની શરમ લાગી. હું સત્ય કરીને કહૂં છું કે આ બદમાશની નોકરીમાં રહેવાની મને હવે એક ઘડીનીબી મરજી થતી નથી કારણ કે થોડોક વખત થયા બે ચાર બીજા બદમાશોની સંગાથે મારો શેઠ કાંઇ નવાં દોહરાં દોહવતો ફરે છે એમ મને લાગે છે."

"હુસેન, મેં વીચાર કીધો છે કે હવે તું મારી સાથેજ રહે અને વળી મારી મરજી છે કે આજેજ રાતે આ નંબર, ૩૬ વાળાં ઘરનું તાળું ભાંગીને એમાં શું ભેદ છે તે આપણે બંને મળીને જાણીયે."

મારા પીત્રાઇએ તે વાતની હા પાડી અને અમો બંનેએ નંબર ૭૬ વાળાં ઘરનું તાળું ભાંગી નાંખ્યું. તે ઘરમાંથી ઘેરાયલી હવાનો વાસ આવતો નહી હતો અને તેથી મેં અનુમાન કીધું કે અંદરની બાજુથી હવાને આવવા જવા સારૂ મારગ રાખવામાં આવેલો હોવો જોઇયે. અમો બંને તે ઘરમાં ફરયા. કાંઇબી ભેદ અમારી નજરે પડયો નહી કારણ કે તે ઘર તદન ખાલી જેવું હતું.

"હું ધારૂં છું કે મેં તને કહયું તેમ ઓરતના વેશ તળેનો પેલો માણસ આ ઘરમાં બપોર સાંજ જમી જતો હશે અને તે અહીં જમવા આવે છે તેમાં કાંઇ ભેદ હશે, બાકી આ ઘરમાં કાંઇ ભેદ હોય તેવું તો મને લાગતું નથી." મારા પીત્રાઇને સમજાવીને મેં કહયું.

"અરે નહી રે, એવી બચ્ચે બાલેકા ખેલ જેવી દલીલ શું ટાંકેછ જો-વળી અહીં વેર તે ફકત ખાવા આવે એ વાત તો મને અક્કલથી દુર લાગેછ."

આ વાત ચાલતી હતી તેટલાં મારી નજર બતીના એક કીરણપર પડી જે કીરણ એક નાના બંધ ઓરડામાંથી આવતું હોય એમ મને માલમ પડયું. વળી તે પછી કોઇ સ્ત્રીના ગાયનનો સાદ મારે કાને અથડયો. તે ગાયનમાં થોડે થોડે વારે ડચકાંનો ભોગ સમાયલો હતો.

"હુસેન, એ કોઇ રડીને ગાયન ગાય છે, એ શું ભેદ છે?"

હુસેને કાંઇબી બોલવા વગર મને પોતાની પાછળ જવા માટે આંગળીની ઇશારત કીધી અને આસ્તે આસ્તે પગલે તે પેલા ઓરડા તરફ ચાલ્યો. હું તેની પાછળ પાછળ ગયો.

અમો બંને તે ઓરડાની બહાર કાન તીક્ષણ રાખીને ઉભા રહયા. ફકત એક ઓરતજ તે બંધ ઓરડામાં હતી એવું માલમ પડયું અને તેણી રડતી રડતી એક દીલ જખમી કરનારૂં ગાણું ગાતી હતી.

તે બારણાં ઉપર મેં ટપ-ટપ ટકોરા મારયા.

"ખોદાને ખાતર મને ના સતાવો-મને આએ દોજખમાં બંધ રાખી છે તો હવે કોઇ વખતે નહી અને આજ રાતે નવા કયા સોંગથી તમો મને સતાવવા આવ્યા છો? ખોદાને ખાતર જો તમારામાં માણસાઇ ખવાસનો એક કતરો યા દયાની એક જરા જેટલીબી લાગણી હોય તો તે

દયા બધી ખોદાને ખાતર વાપરો અને મને હવે સતાવવાનું છોડી દો, મોકુફ કરો."

"બાનુ સાહેબા, અમો કોઇ સંગદીલ આસામીઓ નથી. અમો તો રહમદીલ છીયે–ખોદાએ રહમ આદમ જાતના તનબદનમાં મુકી છે તેનો સારો ઉપયોગ કરતાં અમને બરોબર આવડે છે." મેં કહયું.

"તમારો સાદ મારા કાનને નવો છે. અગર જો તમો રહમનો ઉપયોગ બરોબર કરી જાણુતા હો તો મુજ સરખી એક બેચાર અબળા જાતીને આ દોજખમાંથી છોડાવો."

મેં અને મારા પીત્રાઇએ તે ઓરડાનું તાળું ભાંગી નાખ્યું, અને તે રડતી ઓરતને અમોએ જોઇ. મારો પીત્રાઇ તે ઓરતને જોઇને ચમકયો અને મારા પીત્રાઇને જોઇને તે ઓરત ચમકી.

"હુસેન, તું તારા શેઠની તરફેણમાં હશે તો આજનું તારૂં આવવું મારાપર સીતમ છે."

"નહી, નહી, બાઇજી, હું તમારા ખાવીંદ તે મારા શેઠથી બેજાર થઇ ગયો છું અને તેની નોકરી હવે પછી કરવા માંગતો નથો—તમોને અહીં કોણે લાવી નાખ્યાં અને કાંય લાવી નાખ્યાં?" હુસેને પુછ્યું.

"હુસેન, તારા શેઠે બદમાશી ચલાવી છે તે તો તને ખબર છે પણ થોડાક વખતની વાતપર તેના બુરા દોસ્તો સાથે તેણે એક નવી બુરાઇ ચલાવવા માંડી છે. તેણે બનાવટી સીકકાઓ બનાવવા માંડયા છે. મેં તેને ઘણો સમજાવ્યો અને કહયું કે 'પ્યારા શઉહર જુની બુરાઇઓ મુકી દેવા હું તમને સમજાવું છું તો તેનાથી તમે બાજ નહી આવતા અને વળી ખોટા સીક્કા બનાવવાની આ નવી બુરાઇ ચલાવો છો એ ઘણુંજ પાપી કામ છે." પણ તેણે મારૂ કહયું માન્યું નહી અને ખોટા સીકકા બનાવવાનુ ચાલુ રાખ્યું. તે ઉપરથી મેં પોલીસને ખબર આપવાની તેને એક રોજ ધમકી આપી ને તેથી મને તેણે પોતાના રસ્તામાં નડતી અટકાવવાને ખાતર આ જગ્યા પર લાવી કેદ કરી છે. મારો ખાવીંદ રોજ બપોરે અને સાંજે મારે માટે ખાવાનું અને પાણી ઓરતના છુપા વેશમાં લાવે છે."

બસ, અમોએ ઉપલો ભેદ જાણી લીધા પછી તે ઓરતને પેલા ઓરડામાથી બહાર કહાડી અને તેણીના ખાવીંદને બચાવી લઇને તેના બુરા દોસ્તોને ફસાવવાનો વીચાર કીધો.

બીજીજ સવારે હું અને મારો પીત્રાઇ તે ઓરતને લઇને અને પોલીસને સાથે લઇને પેલા બદમાશનાં છુપાં ઘરમાં ઘુસી ગયા.

પેહલા માળપર હું ગયો અને વાત કરવાને મસે પેલી ઓરતનાં બદમાસ ખાવીંદને નીચે લાવ્યો અને તે અરસામાં તેના બુરા દોસ્તો તો ઉપર તાહેલા કરવા બેઠા હતા. મેં પેલી ઓરતને અને તેના ખાવીંદને મારે ઘરે મોકલ્યાં અને પોલીસના હાથમાં તે ઓરતના ખાવીંદના બદમાશ મીત્રોને ખોટા સીકકા બનાવવાના ઓજારો સાથે સપડાવ્યા, જેમાંના એક બદમાશને મેં પેલા ગાડીવાન તરીકે ઓળખ્યો, જે હર બપોર સાંજ પઇસા લીધા વગર પોતાના કાવત્રાંબાઝ દોસ્તને ઓરતના છુપા વેશમાં ગાડીમાં લાવતો હતો.

*　　　*　　　*

લાગવગ ચલાવીને મેં તે ઓરતના ખાવીંદને સપડાઇ જતો અટકાવ્યો. તેના મીત્રોને સખત સજા કરવામાં આવી છે અને હાલ મારા ઘરમાં મારા પીત્રાઇ સાથે પેલી ઓરત અને તેનો ખાવીંદ જે હવે તદન સુધરી ગયો છે તે બધા મારા કુટુંબ સાથે સલાહ સંપથી નંબર ૩૭ વાળાં ઘરમાં રહે છે.

નંબર ૩૬ વાળું ઘર તે દીન પછીથી મેંજ ભાડે રાખ્યું છે અને તેમાં મેં મારા વેપારનો કીમતી સામાન ભરયો છે.

મોહોબતનાં ત્રણ ખુન.

"સાચા પ્યારના કટોરા સનમુખ કહારૂનના ખજાનાનો કુવોબી કુરછ બીસાદમાં નથી." અશમતઆરાએ પોતાના હાથમાંના ગુલાબ સાથે રમતાં કહયું.

"હ-હા, પ્યારી! બેશક, તારી એ વાતમાં દુન્યાં વરણુનનું સુખ સમાયલું છે. પ્યાર, મેહોબત અને 'લવ' એ એક એવી ચીજ છે જે સાચા અને રોશન આકારમાં પ્રગટ થતાંજ તમામ દુન્યાંની દોલતને તણુ-ખાભર કરી મુકે છે." અને તે વાકય ઓચરવા સાથેજ શરીફે અશમતના ગોલાબી થઇ આવેલા રૂખસારા ઉપર એક ચુમી લેતાંજ તેણુને પોતાની છાતીએ જોરથી દાબી દીધી.

તે ખાનદાનથી પુર અને આબરૂથી ભરેલો એક જવાન હતો અને જો કે તેનામાં સરવે રીતની લાયકાત ભરેલી હતી છતાં તે હીણાતો અને ધીકારાતો હતો—કારણ તે પઇસાના જોરથી બીલકુલ બેતાકાત હતો.

તેણી, લાયકી, ખુબસુરતી અને જોબનની ઝમકતી તવંગર પીતાની એક બેટી હતી. મગર કમનસીબી એ હતી કે તેણીના ધારેલા ધણી સાથે તેણીની શાદી કરી આપવા તેનો પીતા નારાજ હોવાથી દલગીરીનો છાપ તેના મુખડા ઉપર છવાઇ રહયો હતો—બેશક, મગરૂરીના ધુંવા આમળ ગરીબીનો ફુંકતો પવન પોતાનો સપાટો જરાકબી જોર યા જોસથી લગાવી શકતો નથી !

તે બેઉ વહાલાંઓ છુપાછુપ અને ગુપચુપ રીતે આજે સાથે મળ્યાં હતાં અને તે તકનો લાભ પુરેપુરો લેવા માટે દર પળે તેઓ આરઝુમંદ અને આતુર રહેતાં હતાં.

તેઓ એકમેકની છાતી ઉપર માથું મુકીને પ્યારથી ઉભાં હતાં જે પળે બંનેની છાતીના ધપકારા ઘડીઆળના ટકોરાની મુઆફેક પ્રગટ ત્યાં વાગી રહયા હતા.

"મેં એકવાર ના પાડયા છતાં મારી મરજી ઉપરાંત મારી બેટી સાથે પ્યાર કરનાર શખ્સની બની શકે તો તલવારના એકજ સપાટાથી ગરદન ઉડાવી દઉ." તેજ પળે અશમતઆરાનો બાપ ત્યાં ચાલી આવતાં પોકારી ઉઠયો, જેને જોઇને બેઉ જણાઓ પોત પોતાની બગલગીરીમાંથી છુટાં પડી ગયાં, શરીફ ગભરાયલો અને અશમત ફીકકી ફચ થઇ ગયલી.

બેઉ બીકથી ધડકતી છાતી સાથે એમના એમ દંગ થઇને આરીફ (અશમતઆરાના પીતા) ને જોતાં ઉભાં રહયાં.

"કેમ છાતી સીવાઇ ગઇ? કેમ ખુબસુરતી કરમાઇ ગઇ? કયાં ગયું તે જોશ અને કયાં ગયો તે પ્યારનો જળતો જુસ્સો?" ગરમ થઇ જતાં ટકોરની ઢબે આરીફે તે બેઉની તરફ જોતાં બુમ-બરાડ પાડી મુકી.

"બેઅદબી માફ છે, સાહેબ, પ્યારના મહોડાને બંધ કરવું એ આસમાનના દરવાજાને તાળું લગાડવા જવા જેવું મુશ્કેલ કામ છે." શરીફે હીમત આવતાંજ જોસ્સાથી બચાવમાં કહયું.

"શું ?" આરીફે મીજાસ ખોઇ દીધો, "મેહેતાજીની નીશાળમાં જઇ મહેતાજીને પોતાને શીખવી આવવું એ હેમાકાત નથી! મને-મને?

તું પ્યાર-પ્રીયારના કાતલ અને તેની શીખામણ દેવા અહીં આવ્યો છે? પણ બચાજી યાદ રાખજે કે પ્યારના ખેલ અને મહોબતના ફારસ એ બચાના નાટક તથા છોકરાનાં તમાસા છે." આરીફે પોતાની અકકલ (!) નો ફતવો ખાલી કરતાં કહયું "પ્યાર ને મહોબત કરનારાઓ દીવાના હોય છે, પાગલ રહે છે, અને તેઓની રહેવાની જગ્યા માણસાઇ મકાનો હોતાં નથી પણ દીવાનશાળા અને પાગળખાનાની ઇમારતોના ઓરડાઓ હોય છે."

"સાહેબ, જેમ મીઠાં વગરનું પકવાન ફીકકું અને દમ વગરનુ લાગે છે તેજ મીસાલે મોહબત વગરના લગન દમ વીનાના અને તમામ ધુળથી ખરડાયલી રસીની બેડી સમાન એક બંધ મીસાલના હોય છે." શરીફે ચલાવ્યું જે વખતે આરીફના દીલમાં ગુસ્સો અને મીજાસ ગરમ હવાના જોરથી લાગી રહયો હતો, તથા અશમતઆરા પોતાના પ્યારાની ગોદ તરફ દબાવાને પોતાના પગલાં તેની તરફ લંબાવતી હતી.

અશમતઆરાનું આ પગલું આરીફે જોઇ લીધું અને તે જોવા પછી તેના ગુંસ્સાની ગરમી વધુ તપી ગઇ.

"છોકરી, તારી એ બેહુદાઇથી હું આજેજ થઇ ગયો છું. અગર જો અરધીની દોલત વીનાના એક ભુખા લુખખા સુખખા આદમી સાથે તું પરણવાને ખુશી હોય તો મારી તવંગરીની ચાદરનો એક છેડોબી આશરા માટે તારા શરીર ઉપર નાંખવા હું હરગેજ તઇયાર થઇશ નહી."

"અને તમારી તવંગરીની ચાદરનો એક છેડો મારી ગરીબાઇની સખતમાં સખત ઠંડીમાંબી ઓઢવાને હું કદી તઇયાર થઇશ નહી" અશમતઆરાએ બાહીમતથી પોતાના બાપના ચેહેરા સામું જોતાં કહયું અને તે પછી તુરતજ પોતાના આશકની ગોદમાં ભરાઇ જતાં અને તેના ગુસ્સાથી ગરમ થઇ આવેલા ગાલો ઉપર પોતાના હોઠો દાબી દઇ તેજ પળે ઉંચકી લેતાં બોલી પડી "ખોદા મારા વહાલા શરીફને સલામત રાખે! એ મારા માથાનું તાજ અને મારા શરીરની ચાદર છે. એની દાળ-રોટલીનો નવાલો હું તમારી લખોની દઉલત કરતાં વધારે તાકાતદાર અને ભુખ દાબનાર માનું છું."

"છોકરી ખતા ખાશે."

"મારા કીસમતથી."

"જો ઠોકરાશે."

"મારા તગદીરથી."

"ભુખે મરશે" આરીફે તસ તસ થતાં ડોળાથી એક છેડાયલા વાઘ મીસાલે બરાડ પાડી.

"મારા નસીબથી."

"ખુવાર થશે, મરશે, મોતને આધીન થશે."

"મારા શરીરની બલાથી."

એજ વખતે અશમતઆરાનું માથું શરીફના ખભાં ઉપર ઝુમાઇ પડયું જેને આરીફે દોડી જઇ બાજુએ કરી દઇને આગલી ગોઠવણ મુજબ રાખેલા માણસોને બાજુના ઓરડામાંથી તાબડાના અવાજથી બોલાવી લીધા અને તેમની મદદથી શરીફને પકડી લઇ જઇ પોતાના મકાનના એક છુપા ભોંયરા તરફ ધસડી ગયો અને તે ભોંયરાના કેદખાના સમાનના ઓરડામાં શરીફને કેદ પુરી દીધો.

* * *

શરીફ!

પ્યારનો તે પરવાનો, મોહોબતનો તે મસતાનો સાંકળની ઝંજીરથી કેદ થયલો આઝેઝ અને પરેશાન થઈ વીચારવંત બેઠો હતો.

આજ લગભગ છ માહીના થયા તે આરીફના મકાનના છુપા તહે-ખાનામાં કેદ હતો. નહીં તેની કોઇ માદર હતી કે તેના ગુમાંવાની ખબરથી તે માહેતમ ચલાવે, નહીં તેનો પીદર હતો કે તે એના ખોહવાઇ જવાની ખબરથી ગમ ખાઇ શોધ ચલાવે, નહી કોઇ તેનું સગુ હતું જે એના બેમાલુમ થઇ જવાના સબબથી દોડાદોડી કરી મુકે.

એકની એક તેના દીલની મુરતી હતી તે—આહા! તે, તેતો જોકે તેની પોતાની પાસે દર પળે અને દર ઘડીએ આવવા આતુર હતી, મગર અફસોસ! તેનો બાપ, જુલમી નાવાકેફ–પઇસાના પુતળાંનો પુંજારી, તેણીને જવા દેતો નહી હતો.

પણ, દઉર અને જુલમી તઉર સવા પહોરની ઝુહાકી મીસાલ સવા પહોરના ટુંક અરસાનીજ હોય છે, તેમ હવે તેની જબરજસતીનોબી અંત આવ્યો હતો.

રાતનો વખત હતો.

કાલીયાણુ અંધકાર અને કાળાશની અંગારી વચે કોઇ આકાર પોતાના હાથમાં એક નાનું ફાનસ રાખી ધીમે, મકકમ પણ બીધેલે ડોળે આજુ બાજુ નજર ફેરવી હળવે અને હળવે પગલાં આગળ લંબાવતો હતો.

આખરે તે આકાર થોભી પડયો. તેણે ધારેલી જગ્યાએ પોતાને સલામત આવેલો દીઠો.

તે ભોંયરાંમાંના છુપા ઓરડામાંની જાળીઓ સાથનું કેદખાનું ધરાવનારી જગ્યા હતી. પેલા આકારે પોતાના હાથમાંની ચાવીથી તે કેદખાનાને લાગેલું ભારી તાળું ખોલ્યું અને તેજ પળે તે કેદખાનાના દરવાજાઓ ઉંધાડા પોર મુકી દઇ અંદર સુતેલા શરીફ તરફ પગલાં ભરયાં.

"શરીફ! ઓ શરીફ." તેણે શરીફનું ખભું હળવેથી હીલાવતાં ધીમે રહીને સાદ કાઢયો.

"કોણ?" શરીફે ઉંઘમાંથી ઝબકી ઉઠતાં ગભરાઇને પુછયું "આરીફ, તમો હજી સતાવવાનું મોકુફ રાખતા નથી? શું રાતેબી ઉંઘવાની મને ચેન પડવા દેતા નથી?"

પેલો આકાર આ સાભળી કંઇ દલગીર થઇ ગયો. તેણે પોતાના હાથમાંના ફાનસની રોશનીવાળો ભાગ પોતાના ચહેરા તરફ ફેરવ્યો અને તે સાથેજ તેણે પોતાના ચેહેરા ઉપર નાંખેલો રંગીન કપડાંનો કટકો ઉંચકી લીધો.

"શરીફ; વહાલા, પયારા, મારાં કલેજા, જો-જો હું આરીફ નથી, હું તારી સદાની સાથી તારા દુઃખની ભાગયણ તારા મનની એકલી મુરતી અશમત છું."

આ વાકય જાણે શરીફના કાનો ઉપર ખુશાલીના વાજીંત્રીક સરોદ મીસાલ વાગ્યો. તેણે તે કેદખાનાના ભયંકર ડાચાં વચે જાણે સુરજને દરીયાવના પેટામાંથી પેદા થતાં જોયો હોય તે મીસાલે અશમતનો મીઠો ચેહેરો તે નીહાળવા લાગ્યો.

તે પોતાના હાલહવાલ બીછાનામાંથી એકદમ ઉઠી ઉભો થયો અને તેજ પળે તેના મુખમાંથી એક લાંબા નીસાસા સાથનો વાકય નીકળી પડયો.

"આહા! શું મારી આંખની રોશની આવી પહોંચી? શું રાતના અંધકારને દુર કરનારો તે ખોરશેદ આફતાબમાં ખીલી નીકળીયો? એક ખાબમાં સુતેલું બુલબુલ જાગી ઉઠયું?"

"હા, કલેજાં. ચળકતી તે રોશની પ્રગટવા આવી, અંધકારની તે રાત ઉપર સુરજ રાજય કરવા આવ્યો, એક પાંજરાના બંધમાં સપડાયલું બુલબુલ ધણીની દહેસત છતાં હીમ્મત કરીને બહાર નીકળી પડી પોતાના આશકના લબોને ચુમવા ઉડી આવ્યું." અશમત શરીફને વળગી પડતાં બોલી "શરીફ! કેમ મને તું ગમગીન કરે છે, ના સમજ તે બુલબુલ હું છેઉં જે ખાબમાં સુતું હતું. ના સમજ તે રોશની જે દીવાની જોતને ભુલી ગઇ હતી, ઓ ના સમજ મને તે સ્ત્રી જે પોતાના પયારા ઉપર ગુજરતા આઝાબને દાબી દેવા પોતાની કોશેશ કરતી નથી. હું-હું, પાક અલ્લાહના નામથી કહું છું કે તારી પાસે આવવાની અને તુને છોડવવાની આ છ મહીનામાં મેં સેંકડો વાર કોશેશ કરી હશે પણ આજની મુઆફેક કદીબી હું ફાવી નહીં હતી."

"ફાવી? ફાવી? કદી નહી, હરગેઝ નહી, જરાકબી નહી" એક ઘોઘારી અવાજે પાછળથી બુમ પાડી જે એક ઘાયલ થયલા શેરની બરાડને મળતી આવતી હતી અને જે પુરવાર થઇ કે અશમતના પીતા આરીફનો અવાજ હતો.

બેશક, આરીફે મામલો જાણી લીધો હતો અને તે પોતાના ગાફેલપણાથી પોતાની બેટીને આજે અહીં આવવા માટે ફાવી જવા દેવા સારૂ ગુસ્સે બના ગયો હતો. તેને સનસારો જે પળે માલમ પડયો કે તહેખાના તરફ અશમત જઇ પહોંચી હતી તેજ પળે તે તેની પછવાડે નીકળી પડયો હતો.

હવે, એક સેકંડ એક જાન જેટલી કીમતી હતી, વખત જાય તેટલો શરીફના ગેરલાભમાં હતો.

પવન વેગે અશમતે કામ કરવા કસદ કરયો. તેણે પોતાના આશકના હાથમાંની બેડી છોડી નાખી અને પગમાંની બેડી છોડવાની મહેનત લેવા જાય તે અગાઉ આરીફે તેના હાથ પકડી લીધા અને એક હડસેલો મારીને તેને દુર કરી નાંખી.

આરીફ હવે શરીફના હાથો ઉપર પેલી બેડી પાછી જકડવા ગયો, મગર શરીફે તેને આંચકો મારયો અને તેજ પળે અશમતે પોતાની સાથે છુપી રીતે લાવેલી રીવોલવર દોડી જઇ શરીફના હાથમાં મુકી.

અશમત! તેણે તે રીવોલવર પોતાની સાથે રાતે માત્ર ધાસ્તીને દુર કરવા રાખી હતી, મગર તેનાં ભેજાંની ગતીએ મામલાનો રંગ જુદોજ પકડયો.

શરીફે તે ભરેલી રીવોલવર પકડી, તેની નેમ આરીફ તરફ ટાંકી, તેની ચાંપ દાબી અને સનનનન દઇને તેમાંની ગોલીએ આરીફની છાતીમાં જગ્યા લીધી.

થોડીક તાંસવીસ અને બીજી મીનીટે આરીફનો જાન કબજ થઇ ગયો.

ખતમ!

* * * *

પકટ બીજા બેજ મહીના પસાર.

જમાનાના ચકકરમાં પોતાને સઉથી વધારે સુખી અને ખુશી સમજનાર પયારથી એકમેકના ગળાને જોરસાથી સાથે વળગી પડનાર તે જોડું બેજ મહીના મહોબતની સરવેથી ઉંચી ટોંચ સાથે ગેલ કરવા શકતીવાન થયું.

અને ત્રીજા મહીનાની શરૂઆતમાં શરીફની તબીઅત અચાનક બીગડી ગઇ. તે ગળાતો અને નખાતો ચાલ્યો. તેની છાતીમાં અંગાર જલતો હોય તે મીસાલે બળત્રાં બળવા લાગ્યાં. તેની છાતી ખરાબ થઇ હતી અને તે ઉપરાંત દહેસતનો દેવ તેના જીગરને કોતરી ખાતો હતો.

તેને દરરોજ રાતના ખાબમાં આરીફનું રૂહ આવીને સતાવતું હતું અને તે દેખાવથી તેના કલેજાંમાં ધાસતીનો ડંખ દર પળે વાગતો હતો.

તે મોતને બીછાને હતો?

અશમત! કમનસીબ અશમત! પોતાના ખાવીંદના બીછાના નજદીક આસુનો દરીયો વહેવરાવતી રડતી અને ડચકાં પર ડચકાં ખાતી માથે હાથ દઇ બેઠી હતી.

"અશમતઆરા, પયારી અશમત, મારાં કલેજા. તુંને દલગીર જોઇને મારૂં જીગર ફાતી જાય છે. રડ ના, મારા બુલબુલ, રડ ના. મારા કીસમતની રેખા એટલીજ દોરાયલી હશે, મારા તકદીરની રસી એટલીજ હદમાં લંબાયલી હશે."

વધુ અને વધુ ડચકાંઓ સીવાય તે ચાર-પાંચ સેકંડની ચુપકીદીમાં બીજો કશો આવાજ સંભળાયો નહીં.

"મારાં જીગર, મારો તારી ઉપર કેટલો બધો જીવ છે તેની પુરવારી તુને સદાબરી મળી ચુકી છે-હવે ખુદા હાફેઝ, સદા મારી યાદ તારા દીલમાં રાખજે."

"ના બોલો, ના બોલો એમ મારા જાન, એમ ના બોલો! ખુદા તમારો નેગેહબાન થાય અને તમો જલદીથી સારા થઇ જાઓ." તે એમ બોલતી હતી પણ તેના દીલના ઉંડાણમાંથી ડચકાંઓ નીકળતાં હતાં.

"નહી, હવે હું સારો થઇ શકીશ નહી—ખલાસ. તું મારી યાદ તારે દીલે કોતરી રાખજે અને મારા મરવા પછી કદીબી કોઇબી શખ્સ સાથે શાદી કરતી ના."

"શાદી? મારા જીગરના જાનની બરબાદી, અને મારી શાદી? શું એ બનવા જોગ છે, શરીફ! તારા વગર હું એક ઘડીપળ જીવી શકું નહી તો શાદી કરૂં? કોઇ બીજાને મારા દીલમાં જગ્યા આપું?"

બસ, વધુ બોલવાને તે વખત નહી હતો.

શરીફનો જાન કબજ થઇ જતો હતો. તે મોતનાં તરફડીયાં મારતો હતો અને તેના દીલના પીંજરામાંથી તેનો જીવ બહાર નીકળવા વખત તપાસતો હતો.

એક પળ શરીફ હુશીયાર થયલો જણાયો, તેણે અસમતનો જમણો હાથ પોતાના નબળા હાથમાં લીધો, તેણીનાં આંગળાં પોતાની બંને આંખોમાં દાબી દીધાં અને એક ડચકાં સાથનું આસું તેની આંખમાંથી બહાર પડવા સાથે તેનો જીવ જુમાઇ ગયો.

અશમતની આંખો આ દેખાવ જોઇ શકી નહી. તેણીની છાતીમાં ભુક ભરાઇ આવ્યો અને તેણીનું કલેજું કોઇ કાપી નાખતું હોય તેમ તેણીને લાગ્યું

"ગયો, બુજાઇ ગયો ! મારી જીંદગીનો ચેરાગ ઓલવાઇ ગયો! અફસોસ."

કમનસીબ, અશમત તેણી એમ બોલતાંજ બેફામ થઇ પડી.

દુનીયાની દઉલત યા જીંદગીનું સુખ હવે તેણીને માટેનું નહી હતું, તેના શરીફના ખતમ થવા સાથે હવે તે સઘળુંબી તેણીને મનથી ખતમ અને નાબુદ થયું હતું.

બેફામીથી જાગી ઉઠતાંજ તેણીનું પહેલું કામ માત્ર એ હતું કે શરીફના મુએલા શરીર તરફ એક નજર ફેરવ્યા બાદ બાજુના ઓરડામાંથી રીવોલવર ઉંચકી લઇ તેમાં ગોળી ભરવી.

તે કામ ધ્રુજતે હાથે તેણીએ કીધું અને શરીફના મુડદાં આગળ પાછી આવી લાગવા પછી તેણીએ તે રીવોલવરનું મોઢું પોતાના મસતક તરફ ટાંકી તેની ચાંપ દાબી અને તેજ વખતે લોહીનાં એક ખાબોચીયાંમાં તેણીનું શરીર ઢળી પડયું.

મહોબત! મહોબત!!

દમમાં તે કોઇ મધુરૂં મીઠાસ છે, તો કોઇ દમમાં તે ઝહેરી કતાર છે.

(તમામ.)

મુંબઈના ભાયખળા માર્કીટમાં

જાત જાતના ઝાડપાનો, ફુલ અને ફુલની કલમો વેચવાનો એક બગીચો છે જ્યાં તમામ જાતના ઝાડો વેચાતાં મલશે અને શોભા કરવા સારૂ ભાડેથી આપવામાં આવશે.

બાગ-બગીચા

બનાવનારાઓ માટે ઉત્તમ સાધન છે

અને ઘરમાં

શોભા કરનારાઓ સારૂ સારી તક છે.

☞ જરૂર એક વાર ફેરો મારજો,

તમો કાંઈ સારૂજ નીહાળશો.

"નવરોઝ."

દર મહીને તા૦ ૨૧મીએ રેગ્યુલર બહાર પડતું એક

આઇડીયલ ગુજરાતી માસીક.

વાર્ષીક લવાજમ પોસ્ટેજ સાથે

રૂ૦ ૩.

☞ દરેક ઘરાકને એક પુસ્તક ભેટ.

☞ ૧૯૧૧ ના જમશેદી નવરોઝથી આ ચોપાન્યું બહાર પડયું છે અને શરૂઆતના અંકથીજ મી૦ "મશરેક" ની ટરકીશ ચાલુ વાર્તા

દગાબાઝ !

દર મહીને ચીત્રો સાથે છપાય છે.

આજેજ નીચલે સરનામે એક કાર્ડ લખી નામ નોંધાવો :—

મેનેજર, "નવરોઝ,"

૩૬૮, કપટાન હાઉસ,

ધોબીતલાવ,

મુંબઇ.